ફૂલપાંદડી

લેખક,
'રેખુલાલ લ. શુ'

ફૂ
લ
પાં
દ
ડી

· લેખક,
પૃથુલાલ હ. શુકલ.

આવૃત્તિ ૧ લી.
પ્રત ૫૦૦.
સને ૧૯૨૪.

પ્રકાશક
પૃથુલાલ હ. શુક્લ
અમદાવાદ.

કિમ્મત ૫-૦-૦.

અમદાવાદ.
ધી ડાયમંડ જ્યુબિલિ પ્રિન્ટિંગ પ્રેસમાં,
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

बोद्धारो मत्सराग्रस्ताः
प्रभवः स्मयदूषिताः ।
अबोधोपहताश्चान्ये
जीर्णमङ्गे सुभाषितम् ॥

* * * *

न नटा न विटा न गायका
न परद्रोहनिबद्धबुद्धयः ।
नृपसद्मनि नाम के वयं
कुचभारानमिता न योषितः ॥

* * * *

What is **R**ome to me?
What business have I there?
I who can neither lie
Nor falsely swear,
Nor praise my patron's
Undeserving rhymes.

* * * *

પ્રસ્તાવના

ગ્રન્થકર્તાની ઇચ્છાને અનુસરી આ પુસ્તકની પ્રસ્તાવના લખવાનું મેં માથે લીધું છે. પુસ્તક સંબંધે મારા કેટલાક વિચાર પ્રતિકૂલ છે એ હકીકત મેં તેમને કહી હતી પરંતુ સંમતિવાળી જ પ્રસ્તાવનાની તેમની માગણી નહોતી એમ તેમણે દર્શાવવાથી મારા વિચાર પ્રસ્તાવનામાં છૂટથી દર્શાવવા તેમણે મને અનુજ્ઞા આપી છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યોનાં ગદ્ય ભાષાન્તરની શૈલીનાં ન્હાનાં ' ગદ્યકાવ્ય ' આ પુસ્તકમાં છે. પુસ્તક વાંચતાં શૈલીને લીધે ભૂલ ન થાય માટે કહેવાની જરૂર છે કે આમાંનાં કોઈ ગદ્ય કાવ્યને આગળના કે પાછળના 'ગદ્યકાવ્ય' સાથે સંબંધ નથી, દરેક એક બીજાથી સ્વતંત્ર છે. સર્વ ઘણાં ટુંકાં છે. કેટલાંક તો એક બે કે ત્રણ વાક્યનાં જ છે. સર્વની પછાડી લેખકની વિશેષ પ્રતિમા રહેલી છે એ સર્વનું અનુસંધાન છે. પ્રત્યેક 'ગદ્યકાવ્ય'માં વિશેષ જુદો ભાવ રહેલો છે, અને ઠેર ઠેર ભાવમાં મૌલિકતાનો અનુભવ થાય છે, ભાવનાખ્યાપનમાં કલ્પનાનું દર્શન થાય છે. સર્વનું સામાન્ય લક્ષણ એ છે કે મનુષ્યજીવનમાં ઉદ્‌ભૂત થતા વિવિધ પ્રશ્નો લેખકની પૃથક્તાથી રંગી રુચિકર ચિત્રોદ્વારા પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

' પહેલાં મારૂં હૃદય પત્થરનું હતું. એટલે એમાં દુઃખના સરોવરો ભરાતાં અને ઉભરાતાં, હવે મારૂં હૃદય રેતાળ રણ જેવું છે. ઝરણ ફુટે છે અને પાછું વિલીન થઇ જાય છે.'

'પળના વિશ્રામ વગર મેં મારી નાવ ચલાવી હતી. નીલ પાણીથી ભરેલા તે સમુદ્રના મોજાંમાં મેં એક જ ગીત સાંભળ્યું હતું. હવે હું થાક્યો છું. મારૂં હલેસું હું સમુદ્રમાં ફેંકી દઉંછું. મેં એટલા સમય સુધી નૌકા ખેડી કે મને તે ગાન જ પ્રિય થઈ પડ્યું.

હવે મારે ગાનાર શોધવો નથી. સફેદ ફીણવાળાં ઉછળતાં મોજાં મારાં મિત્ર બનશે. અને તેમની ગર્જના એ મારૂં હાસ્ય થશે. હવે મારે ગાનાર શોધવો નથી.'

મનુષ્યચિત્ત આગળ ઉભી થતી મુશ્કેલીઓ આ પ્રકારે વર્ણવવામાં જે અસ્ફુટતા રહેલી છે તે એ મુશ્કેલીઓના ફૂટ સ્વરૂપનો ખ્યાલ બાંધવામાં મદદગાર થાય છે.

કદિ કદિ કુદરતના બનાવોને ઉપમા કે રૂપક માંટે ન વાપરતાં મુખ્ય વકતવ્ય તરીકે દર્શાવીને તથા તે સાથે માનવ જીવનના પ્રસંગનો ઇશારો કરીને આ જ હેતુ સિદ્ધ કર્યો છે.

'સમીર! સરિતા! તમારાં ગાન શું કરવા બંધ થયાં! શું મારા નાથની એવી આજ્ઞા છે કે દુઃખીના આશ્વાસન વાસ્તે ગાવું પણ નહિ? અથવા ગાતાં ગાતાં તમે થાકી ગયાં?

'સુરજ આથમી ગયો છે. ચોકીદારો રાત્રે તાપવા તાપણી સળગાવે છે. ધીમે ધીમે જગતના પડદા ઉપર ચિતારો કાળપ પાથરે છે. અને મારે હવે જવું જોઇએ.

મોડું ન થાય તે પહેલાં મારે ઘાટ ઉપર પહોંચવું જોઇએ.'

માનવ હૃદયના કઠિન પ્રશ્નોને અહીં કુદરત પાછળ ઘસડાતા કલ્પી એ પ્રશ્નો ઉકેલવાના પ્રયાસમાં મનુષ્યની કેવી વિવશતા છે તે સૂચવ્યું છે.

જડ સૃષ્ટિના બનાવોની સહાયતા લીધા વગર કોરા આકારમાં પણ લેખક આ પ્રશ્નો રજુ કરે છે.

'ગાંડાઓ રડે છે અને હસે છે. દુનિઆના ડાહ્યા લોક તે સમજી શકતા નથી.'

'જેના વડે તું તારો હાથ ધુએ છે એને રખે ગંગાજળ માનતી. એ મારૂં ખૂન છે.'

અહીં એ જ અસ્ફૂટતા અને વિવશતાનું દર્શન થાય છે.

પ્રેમનો અને ઈશ્વિરભક્તિનો પણ લેખકના ભાવ દર્શાવવાના આ પ્રયાસમાં સ્વાભાવિક રીતે સમાવેશ થયેલો છે. પરંતુ, એ વિષયોમાં પણ એ જ રીતે અસાધ્યતા અને દુષ્પ્રાપ્યતા રહેલી સૂચવાય છે.

'વ્હાલી પ્રિયતમે! હવે તારૂં ગીત બંધ કર મારૂં નાનું હૃદય ફાટું ફાટું થાય છે.

તારા ગીતનો ભાર મારાથી ઝીલાતો નથી.

તારૂં ગીત મારા હૃદયને છિન્નભિન્ન કરીને વહી જાય ત્યાર પહેલાં બંધ કર અને તારૂં ગીત વર્તમાનનું વિષ બને ત્યાર પહેલાં ભૂતની મીઠી યાદી રહેવા દે.

જો કિનારા છલકાય છે. અને હવે ટીપું યે સમાય તેમ નથી.'

'એક વખત મારી પ્રિયાએ મને ચુંબન કર્યું હતું. તેના ચુંબનની નિશાની મારા હોઠ ઉપર બરોબર પડી હતી. મેં જાણ્યું હતું કે એ કદીએ ભુંસાવાની નથી પણ જગતમાં શું અનંત છે? એ સુખદ નિશાની પણ હૃદય પરથી, વિશ્વ પરથી ભુંસાઈ ગઈ.'

આ રીતે પ્રેમના અનુભવમાં તૃપ્તિને બદલે અતૃપ્તિને પ્રાધાન્ય અપાયું છે.

'પ્રભુ, મારાં સર્વ ગીત, મારાં સર્વ કાર્ય, મારૂં સર્વસ્વ તારામાં વિલીન હો!'

એવી નિશ્ચયાત્મકતા ધર્મ વિષયમાં કદી કદી દર્શાવવામાં આવી છે, પરંતુ ઘણે ભાગે તો

'પ્રભુ! હું જે દશામાં છું તે જો સ્વપ્ન હોય તો મને તેમાંથી ઉઠાડીશ નહિ કારણ કે તે એટલું મધુર છે કે મને બીજાની ઇચ્છા નથી.

'મારા પ્રભુ! મારા વ્હાલા, મારા દિલમાં કંઈક થાય છે તેથી હું ગાઇ શકતો નથી. પ્રભુ તારો હાથ મારા દિલ ઉપર મુક કે જેથી હું તારા ચરણમાં બેસીને ગાઈ શકું.'

'ઓ પ્રભુ! તમે મારે ત્યાં આવો તો હું તમને શું આપી શકું? વિયોગનાં આંસુ સિવાય તમને આપવા લાયક મારી પાસે કશું નથી. તમારી ગેરહાજરીમાં મારી પાસે આંસુ સિવાય શું હોય?'

એવી સંશયાત્મકતા અને સાક્ષાત્કારના અભાવની વ્યથા જ આ વિષયમાં દેખા દે છે.

'મારી કબર કોઇ ધાડા જંગલમાં બનાવજો;' 'હું તને ત્યાં કબ્રસ્તાનમાં મળ્યો હતો જ્યાં મડદાં નિરાંતે સૂતાં હતાં' એ વગેરે ભાવ પ્રકટ કરી લેખકે પાર્થિવ જીવનના અંસ સંસ્કાર રૂપે ચિતામાં અને ભસ્મમાં વધારે ગહનતા છે એ સ્થિતિની અવગણના કરી છે, પણ આ અને આવા સર્વ તરંગનો લેખકે ગ્રન્થના આરંભમાં ઉત્તર આપી દીધો કે 'કવિએ લોકોને કહ્યું "હું તમારું ડહાપણ સમજી નથી શકતો. માટે ડાહ્યો થઇ નથી શકતો. આથી ગુસ્સે થઇ કોઇ પંડિતે કવિના હૃદયમાં ડહાપણની કટારી બોસી દીધી, કવિ હસતાં હસતાં તે લોકોના પગ આગળ મૃત્યુ પામ્યો, હાસ્ય મીઠું પણ અસહ્ય હતું.' સંસારના ડહાપણનો અસ્થાને સંચાર થવાથી કવિત્વ નાશ પામવાનો ભય છે એ ખરૂં છે, પરંતુ સંસારમાં અનુભવથી મેળવેલા ડહાપણની પાછળ રહસ્ય પણ રહેલું છે એ ભૂલવા જેવું નથી.

આ અસ્ફુટતા, સંદિગ્ધતા અને ગૂઢાર્થતામાં ચમત્કાર અને મોહકતા રહેલાં છે ખરાં પરંતુ **अर्थो गिरामपिहितः पिहितश्च कश्चिद्रम्यत्वमेति** (કાવ્યમાં વાણીનો અર્થ કંઇક ઢંકાયેલો અને કંઇક વગર ઢંકાયેલો હોય તારે રમ્યત્વ પામે છે) એ સૂત્રનો આત્યંતિક અનાદર રસિકતાની ક્ષતિ કરે છે અને તત્ત્વનું વ્યંગ્ય રૂપે દર્શન કરાવવાને બદલે તત્ત્વ ડુબી જાય તેમાં–તત્ત્વનું અદર્શન જ થાય તેમાં લક્ષ્ય માને છે.

વળી, એ પણ કહેવું જોઇએ કે આવી આન્દોલનહીન ગદ્ય શૈલી ભાવને કેવળ લૂખા રાખે છે. લેખક આ રચનાને 'ફુલપાંદડી'નું નામ આપે છે, પરંતુ, ભાવને પાંદડીની

દશા સુધી પણ પ્હોંચવા દેવામાં આવ્યા નથી, એમ લાગે છે. ફૂલની કળિ ફૂટતાં જ, કળિ છેક ન્હાની હોય તેજ અવસ્થામાં તે ચુંટી લઇ રજુ કરવામાં આવી હોય એવી સ્થિતિનું દર્શન થાય છે. એવી કળિને પોતાની મેળે વિકાસ પામવા દીધી હોય તો તેમાં રંગ રસ અને ગંધ ખીલી નિકળત અને સુન્દર પુષ્પ બની રહેત એમાં સંશય નથી. કવિત્વમય ભાવનાનો હૃદયને સ્પર્શ થયા પછી તેનો અનુભવ ગાઢ થવા દેવાની આવશ્યકતા છે, તેનાં આન્દોલન વેગવાન થવા દેવાની આવશ્યકતા છે. એવો અવકાશ આવે છે ત્યારે રસની જમાવટ થાય છે અને કવિત્વની વાણી છન્દનો આકાર ગ્રહણ કરવાનો પ્રયાસ કર્યા વિના રહેતી નથી. ભાવને એ અવસ્થાએ પહોંચવા નહિં દેવાને પરિણામે ભાવકથનમાં શુષ્ક-અને વિરસ વાક્યો તથા વિચારો આવી જાય છે. આવી રચનામાં આવા સાધારણ બોલોનાં વાક્યો ભાવપ્રદર્શનમાં દાખલ થાય છે. કદિ કદિ કહેવતો અને શિખામણની ધાતો રચનામાં દાખલ થઇ કલ્પનાવ્યાપારને ઉતારી પાડે છે તે પણ આ પ્રકારનું પરિણામ છે. આવાં 'ગદ્યકાવ્યો'માં કવિતાનું સાહિત્ય, કવિતાની રમણીયતા, કવિતાની સુન્દરતાઃ એ સર્વનો બહુધા અભાવ હોય છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરનાં મૂળ બંગાળી કાવ્યો છન્દોબદ્ધ રચનામાં છે એમ સાંભળ્યું છે. ભાવનો વિકાસ તથા આન્દોલનનો વેગ એ તેમાં અટકાવી દીધેલો હોતો નથી એ સ્પષ્ટ છે. પરંતુ, બંગાળી ભાષાને અજ્ઞાને ગદ્ય ભાષાન્તર વાંચનારને એમ લાગ્યા વગર રહેતું નથી કે તેમના

ઉચ્ચ કવિત્વમાં અને ઉત્કૃષ્ટ તત્ત્વચિંતનમાં ગૂઢતા આત્મ
હોવા છતાં તેમના કાવ્યોમાં ગૂઢાર્થતા એટલી હદ ર
લઇ જવામાં આવે છે કે વાંચનારને રસનો આસ્વાદ આ
રહે છે, પરિધિ (circumference)થી નિકળેલા વિ
પ્રવાહો કેન્દ્ર (centre) પર આવી પ્હોંચી એકત્ર થતા પ્હે
એકાએક લુપ્ત થાય છે, અને રસની મીઠાશ જીભથી
સુધી ભોગવવાનો અવકાશ આવતો નથી.

પરંતુ, આ માત્ર એક વ્યક્તિનો અભિપ્રાય છે, a
એથી ભિન્ન અભિપ્રાયના મૂલ્યનો અસ્વીકાર કરવા
ઇરાદો નથી.

આ 'ગદ્યકાવ્યો'માં રહેલા ગુણની યોગ્ય કદર,
એવી સંપૂર્ણ આશા છે.

અમદાવાદ,
તા. ૬ ડીસેમ્બર, ૧૯૨૩ } રમણભાઈ મહીપતરામ નીલક

નિવેદન.

મારી વિનંતીનો સ્વીકાર કરીને આ પુસ્તકની પ્રસ્તાવના શ્રીયુત રમણભાઇ મહીપતરામ નીલકંઠ એમણે લખી છે. તેઓશ્રીએ મને સ્પષ્ટ જણાવેલું કે હું આવા પ્રકારના કાવ્યોની વિરૂદ્ધ છું, પણ પ્રસ્તાવનામાં જેટલી સખત ટીકા થવાની મેં આશા રાખી હતી તેટલી થઈ હોય એમ મને લાગતું નથી. આ એમની સુજનતા અથવા મારા જેવા એક સામાન્ય લેખક તરફની દયા માત્ર હશે. અસ્તુ ! તે ગમે તેમ હોય. આ પુસ્તકની પ્રસ્તાવના લખવા માટે તેમણે જે તસ્દી લીધી છે તે બદલ મારે તેમના ઋણી થવું જ ઘટે છે અને અતિ નમ્ર ભાવે આ સ્થળે હું તેમનો આભાર માનું છું.

મિત્ર ! તારા ચરણમાં આ નાની સરખી ભેટ હું આજે ધરૂં છું. એમાં કવિના કવિત્વનું રૂપ, રસ, કે ગંધ કશું પણ ન હોય એ તદ્દન શક્ય છે, અને કવિ તરીકેનો હું દાવો પણ કરતો નથી. આતો માત્ર વેરાનમાં ઉગેલાં સામાન્ય પુષ્પો છે. અરે ! કદાચ પુષ્પો પણ નથી. કાચી કળીઓની સુકાયેલી પાંદડીઓજ એને કહેવી યોગ્ય લાગે તો કહેજે. પણ એ શું છે અને શું નથી એ સાથે મ્હારે કશોયે સંબંધ નથી. જે છે તે આ છે અને હું દીનતાથી તારા ચરણમાં તેની ભેટ ધરૂં છું.

ઉપોદ્‌ઘાત

૧

ઉપવનમાં એક ફૂલ ઉગ્યું, ને ફૂલની ફોરમથી ઉપવન મઘમઘી ઉઠ્યું. બગીચાશાસ્ત્રના પંડિતજી ત્ય્હાં આવી ચ્હડયા, ને કહેઃ 'આ કીયું ફૂલ? અમારી પંડિતપોથીમાં આનું નામ નથી,' ફૂલની ફોરમે ઉત્તર વાળ્યોઃ 'કુદરતના મહાગ્રન્થમાં એનું નામ છેઃ ત્હમારા શાસ્ત્રીય અજ્ઞાને એને ઓળખવું પડશે.'

પંડિતમંડળી નામ શોધવા બેઠી. ફોરમથી ઉપવનને ભરીને ફલડાં તો મઘમઘતાં પ્રફુલ્યાં.

ગુર્જર સાહિત્યવાડીમાંનાં એ ફલડાં તે આ 'રસકાવ્યો.'

૨

આ રસગ્રન્થના રચનારને અત્ય્હારે–આ ઉપોદ્‌ઘાત લખતી વેળાએ હું ઓળખતો નથી, આજ સુધી મળ્યો યે નથી. પણ શું માત્ર મિત્રોનું જ કે સગાંઓનું જ લખ્યું–ગાયું સારૂં હોય? ઓળખીતાઓના જ ગુણભંડાર શું ઓળખાય–ને ઓળખાવાય? એકદા પડતી રાતે મ્હારા પુત્ર ડૉ. મનોહરે આ ગ્રન્થના છાપેલા ફરમા મ્હને આપ્યા ને કહ્યું કે ઘેર દેવા દવાખાને આપી ગયા છે. વળતી પ્હરોડે ઉઠયો ને ફરમા વાંચ્યા ત્હારે સહજ જ પ્રશ્ન થયો કે આ યુગમાં આ રસગ્રન્થ ક્ય્હાંથી?

૩

જડવાદી પશ્ચિમના જાણે સંસર્ગસંસ્કારો ઉગી નીકળ્યે

હમણાં હમણાં તો જડતાનાં રાજ્ય લેવાના શબ્દસંગ્રામ મંડાયા છે, ત્હાં આ ચેતનભોમની વાતો ક્ય્હાંથી ? ‘વીરરાવ ધમ્પાટે’નાં આજે તો રણશીંગડાં ગાજે છે, ભાષણોની તોપો ગડગડે છે, છાપાના લેખોની બન્ધૂકો ફૂટે છે; સરકારના યે ગેબી ગોળા વછૂટે છે; ત્હાં સરસ્વતીના આ વીણાસુર ક્ય્હાંથી ? સૂક્ષ્મદર્શક યન્ત્રમાંથી નિરખવાના અને ધ્વનિવિસ્તારક યન્ત્ર (Magophone)માંથી ઉચ્ચરવાના આ જમાનામાં રસગોપની આ વાંસળી ક્ય્હાંથી વાગી ? સ્વપક્ષવાદીના ગુણપરમાણુના ને પરપક્ષવાદીના અવગુણ-પરમાણુના પર્વત ચીતરવાના લોકપક્ષના ને સરકારપક્ષના—સૌ પક્ષના આ યુગમાં હૃદયેશ્વરીની દૂહેરીએ જાણે કરેલા ન્હાના ન્હાના દીવડિયાની, પ્રાણેશ્વરીની પૂજાને કાજે જાણે રચેલી, આ દીપમાલા ક્ય્હાંથી પ્રગટી ? કો પ્રકૃતિબાલકે જાણે તારલિયા વીણી વીણી પ્રેમદેવને મન્દિરમાંડવડે માંડયા હોય ને ! આ કવિ કહે છે ‘ સંસારમાં તો લ્હાય છે: ’ મીરાં કહે છે ‘ ડુંગરિયે દવ લાગ્યા છે: ’ આજના ભડભડતા દાવાનળમાં આ ફૂલપાંદડી ક્ય્હાંથી ઉતરીને આવી ?

પ્રભુ દયાળુ છે; ને ઉન્હાળાને કોક નવવાદળીની વર્ષાથી તે છાંટે છે ને ? કલાપીના વિરહ પછી આટલે વર્ષે આવો કાવ્યગ્રન્થ ગુજરાતને આજે મળે છે.

૪

ચાલો, ચપ્પાં લેઈએ ઝીણી ધારનાં, ને ફૂલપાંદડીનાં યે ચીરા કરી પૃથક્કરણ કરીએ. રસના પંડિતરાજો રસિકતાને

એમ પારખે છે. સુગન્ધથી નહીં; રસશાસ્ત્રીજીઓ ફૂલપાંદડીને રેષાએ ગણી ગણીને ઓળખે છે.

૫

ઈ. સ. ૧૮૯૮માં વસન્તોત્સવ લખાયો ને છપાયો, ને ૧૮૯૯માં મિ. નરસિંહરાવે વસન્તોત્સવની કવિતાના ક્લેવર ઉપર પચ્ચીશેક પાનાંનું અવલોકન લખ્યું. ઈ. સ. ૧૯૨૪માં, મુંબઇમાં નવલરામજયન્તી ઉજવાયા પછી, પોતાની પાઠશાળામાંના વિદ્યાર્થીમંડળની ગુજરાતી સભા સમક્ષે 'કવિતાનું ક્લેવર' એ નામનો ભાષણલેખ પ્રો. બળવન્તરાય ઠાકોરના પ્રમુખપદે મિ. નરસિંહરાવે વાંચ્યો. પચ્ચીશ વર્ષો ઉગીને આથમે ત્હારે યે કવિતાના ક્લેવરથી લેશ માત્ર વિશેષ ઉંડાણમાં ન ઉતરે એવી પાસદીના ગાળાની પ્રગતિની ગતિ આજના આપણા અગ્રણી ગણાતા રસસાહિત્યના ટીકાકારોની છે. એ પુરાતની ટીકાકારો પેઠમ છેલ્લા પા શતકમાં ગુજરાતી સાહિત્ય અણુવિકસ્યું કે સ્થિતિસ્થાપક બેસી રહ્યું નથી. મૂળજી વેદે ને ભાઈ પ્રભુદાસે લખવા માંડી; સ્વ. કનકલક્ષ્મી દવેએ ને રા. બટુ ઉમરવાડિયાએ પહેલવહેલી પુસ્તકાકારે છપાવી; શ્રી જ્યોત્સ્ના શુક્લે, શ્રી ત્રિભુવનતનુજે, પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ અનુમોદીઃ આ ફૂલપાંદડીમાંની યે એ 'રસકાવ્યો'ની સર્વાંગે ખીલેલી એ જ સાહિત્યશૈલી. આજકાલ કરતાં ગુજરાતમાં પન્દરેક વર્ષોથી એ સાહિત્યશૈલી પ્રવર્તે છે. ૧૮૮૭ માં દલપતનર્મદની પાર ન નિરખનાર સાહિત્યશાસ્ત્રીજીઓ હતા; આજે ૧૯૨૪માં કુસુમમાળાની પાર ન નિરખનાર પ્રગતિવૃદ્ધ સાહિત્યશાસ્ત્રીજીઓ ગુજરાતમાં

છે. ન્હેમના–કુસુમમાળાની પાર ન નિરખનારાઓનાં અજ્ઞાને જાણવું ઘટે છે કે ૧૮૮૭ પછીના આ ૩૭ વર્ષોમાં ગુજરાતી કાવ્યસાહિત્યની નહીં ભૂંસાય એવી ત્રણ પાયરીઓ મંડાઈ ગઇ છે; ૧૮૮૯માં ગોવર્ધનરામભાઈએ સ્નેહમુદ્રામાં પ્રાસ તજ્યા, પણ છન્દનિયમન પાળ્યાં; ૧૮૯૮માં ન્હાનાલાલે વસન્તોત્સવમાં છન્દ તજ્યા, પણ ડોલનનિયમન જાળવ્યાં; અને હવે–૧૯૧૦ પછી રસકાવ્યોની આ સાહિત્યશૈલીમાં પ્રાસ છન્દ ને ડોલન સહુ તજાઈ કેવળ 'રસાત્મક વાક્ય તે કાવ્ય' એ આપણા પ્રાચીન મહાવાક્યાનુસાર માત્ર રસનિયમનને અવલંબતાં, કુસુમમાળાથી ઘણાં સરસ, રસકાવ્યોનો રસાવતાર ગુર્જરી કુંજોમાં થઇ ચૂક્યો છે.

૬

ઇંગ્રેજી ગીતાંજલિ પ્રસિદ્ધ થઇ, કોટીધ્વજ નોબલનું કાવ્યસાહિત્યનું ઇનામ જીતી, પૂર્વની વર્તમાન કવિતાનો જયડંકો પશ્ચિમાકાશમાં વગડાવી હિન્દમાં પાછી પધારી, ને સમસ્ત ભારતે દિગ્વિજયશાલિની એ નિજ રસપુત્રીને સત્કારી–વધાવીઃ ત્યારે યે ગીતાંજલિને 'ચીરિયાં વિનાનો મુરબ્બો' ભાખનાર સુપ્રસિદ્ધ ગુજરાતી ટીકાકાર ન્હોતા એમ નહીં. કુસુમમાળાને સુગન્ધ વિનાનાં પશ્ચિમનાં ફૂલોની માળા ભાખનારના જેટલી ને જેવી એ ટીકાઉક્તિ યે ખોટી જ હતી. જાહેરમાં તો એ સાહિત્યઅભિપ્રાય ઉચ્ચરવાની એ ટીકાકારની યે હિંમત ન હતી; ને ગુજરાતે–કે ભારતે એ સાંભળ્યું કે સ્વીકાર્યું યે નથી. ઇંગ્રેજી ને બંગાળી બન્ને ભાષાઓના જાણુણહાર તો ભાખે છે કે પદ્યબન્ધ બંગાળી

ગીતો કરતાં ગદ્યકાવ્યશૈલીની ઇંગ્રેજી ગીતાંજલિમાંનાં રસકાવ્યો વધારે કવિત્વભર્યાં છે. ને એ ઇંગ્રેજી ગીતાંજલિની છન્દશૈલી કઇ છે ? એમાં કિયા ગણોનું ગણમાપ છે ? કે છન્દનાં કો ગણમાપ એમાં નથી માટે ગીતાંજલિમાંનાં કાવ્યો નથી ને કવિતા યે નથી ? આપણા નરસિંહરાવો કે મ્હોટાલાલની પડદાછૂપી કો કાવત્રાંટોળકી કે સાહિત્યની (Bureaucracy) મનગમતું ભાખે તે ખરૂંઃ જગત તો કહે છે કે જગતઝીલાતા ગીતાંજલિમાંનાં તો ચિરંજીવ કાવ્યો છે. ઇંગ્રેજી ગીતાંજલિનું છન્દશરીર છે તે જ આ રસકાવ્યોનું યે છન્દશરીર છે. ગીતાંજલિનો યે રસગ્રન્થ ન્હાનકડો છે; ફૂલપાદડીનો યે આ ન્હાનકડો રસગ્રન્થ ગુજરાતની નવગીતાંજલિ છે.

૭

અને ઇંગ્રેજી ભાષામાં કે અમેરિકા–યૂરોપના મહાખંડોમાં રસકાવ્યોની આ કાવ્યશૈલી આપણા રવીન્દ્ર બાબૂએ ભાષાન્તકારની અશક્તિને લીધે જન્માવી એમ ' ઘર જેટલું જ જ્ઞાન ' વાળા કોઈ કહે તો માનતા મા. અમેરિકાના સર્વોત્તમ કવિ વોલ્ટ વ્હિટમેનની આ રસકાવ્યોની કાવ્યશૈલી છે. વર્તમાન ઇંગ્લાંડના એક સમર્થ વિચારક ને વિદ્દ્વન્દ્ય રસલેખક એડવર્ડ કારપેન્ટરના Towards Democracy નામના મહાગ્રન્થની યે આ રસકાવ્યોની કાવ્યશૈલી છે. ગુજરાતી રસકાવ્યોના જેવી ગદ્યકાવ્યોની કાવ્યશૈલી જગતમાં–યૂરોપમાં અમેરિકામાં કે ભરતખંડમાં–આ પૂર્વે ન્હોતી એવો ગુજરાતને આભાસ કરાવનારી સાહિત્યમંડળીના અજ્ઞાનને સર્વજ્ઞતા માનવામનાવવાનું કાવત્રું ક્ય્હાં

સુધી હજી સાહિત્યકારોએ ગુજરાતમાં નિભાવવાનું છે? એ સાક્ષર Bureaucratsનું જગતસાહિત્યની હકીકતોનું યે જ્ઞાન પચ્ચાસ–પોણોસો વર્ષ પૂર્વેનું પુરાણું લાગે છે. અમેરિકામાં વૉલ્ટ વ્હિટમેન, ઇગ્લાંડમાં એડવર્ડ કારપેન્ટર, ને આર્યાવર્તમાં રવીન્દ્રનાથ ટાગોર સમી જગતપ્રશસ્ત કવિત્રિપુટિની જગત્‌ઝીલાતી રસકાવ્યોની કાવ્યશૈલી આ ફૂલપાંદડીમાં છે. એને જગનવતરિયા કહી હસવાની ધૃષ્ટતા તો હજી યે કો 'મ્હોટાલાલ'નું અજ્ઞાનમંડળ કરે તો કરે.

૮

ન્યાયશાસ્ત્રના પ્રોફેસર કો ઉચ્ચર્યાઃ ' ભવભૂતિ કવિએ કહ્યું છે કે **મૃદુનિ કુસુમાદપિ**; મૃદુ ન હોય તે ફૂલ નહીં; કેવડાને કાંટા છેઃ **तस्मात्**—.' કોઇક પૂછે છે કે રસનાં આવાં ન્યાયશાસ્ત્ર ગુજરાતમાં ક્ય્હાં સુધી હજી લખાશે?' ઉત્તર સુગમ છેઃ કવિતાને રસિકો રસિકતાથી નહીં, પણ પંડિતો પાંડિત્યને ત્રાજવે તોળશે ત્ય્હાં સુધી.

૯

પણઃ—કવિતાના કલેવર ઉપરથી ' કાવ્ય છે ' કે ' કવિતા નથી ' એવા રસનિર્ણય હવે આપણે ત્ય્હાં ક્ય્હાં સુધી ચાલ્યાં કરશે? પ્રાચીન સંસ્કૃતની કે અર્વાચીન ઇંગ્રેજીની મહાપ્રજાઓએ તો કાવ્યોનાં કે કવિતાનાં માપ એમ માપ્યાં નથી.

૧૦

રસકાવ્યોની શૈલી આમ યૂરોપ અને અમેરિકામાંથી ઉતરી, ને ટાગોરની જગતમાન્ય ગીતાંજલિથી ભરતખંડમાં

આ કાળમાં પોષણ પામી. બાણની કાદમ્બરીના રસઘોઘની ભવ્યતાથી આ માધુર્યશૈલી નિરાળી જ છે. ગુજરાતના કો બ્હિટમેન કારપેન્ટર કે ટાગોરને પ્રતાપે, અન્યત્ર તેમ જ ગુજરાતમાં યે, હેનો મધ્યાહ્ન તપશે.

૧૧

આજ સુધી ગુજરાતમાં રસકાવ્યોનું પ્હરોડ હતું: આ રસગ્રન્થથી રસકાવ્યોનો દિવસ ઉગ્યો છે. આપણા સાહિત્યના રસચોકમાં નવો માણેકસ્થંભ રોપાય છે. ન્હાનકડો પણ શકવર્તી આ રસગ્રન્થ છેઃ રસકાવ્યોના શકની ગુજરાતમા આજથી તિથિઓ ગણાશે.

૧૨

આ કાવ્યગ્રન્થમાં શું શું છે ?–ને શું શું નથી ? આ કાવ્યગ્રન્થમાં ઘણું ઘણું નથીઃ ભાષાન્તરો નથી; અલંકારોના ખડકલા નથી; સમાસોની શબ્દાવલિ નથી; સંસ્કૃતમયતાના ભાર નથી; પરલીધી રસલક્ષ્મી નથીઃ વાર્તા નથી, વર્ણન નથી, વિચારમીમાંસા નથીઃ મેઘ ને ચન્દ્રાનાં અનુકરણો નથી; સ્નેહમુદ્રાની અર્થની અસ્પષ્ટતા નથી; ભણકારની કૃત્રિમતા કે કિલષ્ટતા નથીઃ આજે સાક્ષરી ગણાતું એવું એવું આમાં ઘણું નથી. છતાં એ સાક્ષરત્વથી ઉન્નત ને ઉમદા આમાં ઘણું ઘણું છે. 'નામમહિમા તો રાખે કોય' અખાની એ અનુભવોક્તિ મનુષ્યો પરત્વે ખરી છે, પુસ્તકો પરત્વે ખરી નથી. આ રસગ્રન્થ નામમહિમાનો નમૂનો છે આમાંનાં રસકાવ્યો ખરે જ! ફૂલપાંદડીઓ છેઃ છૂટી છૂ

ન્હાની ન્હાનકડી, વિધવિધના સુગન્ધ ભરેલી, મોગરાની ગુલાબની ચંપાની કમળની, નવરંગ રંગે સોહાતી, આ ફૂલપાંદડીઓ છે. સૌના સુરભિ મધુરા છે, ઉત્કટ નથી. પાંદડીઓ ગૂંથાઇને માળા તો નહીં જ, પણ ગુચ્છે રચાયો નથી. ફારસી કવિ સાઅ્દી કહે છે કે

> બર્ગે દરખ્તાને સબ્ઝ દર નઝરે હોશિયાર
> હર વરકી દફતરીસ્ત મઅ્રફતે કિર્દગાર.

એમ આમાંની યે રસભરી એક એક ફૂલપાંદડી કર્તાની કરામતનું ન્હાનકડું દફતર છે. ફારસી સાહિત્યમાં રૂબૈયાતો સુપ્રસિદ્ધ છે તેમ સંસ્કૃત સાહિત્યમાં મુક્તકો સુપ્રસિદ્ધ છે. કેશવ હર્ષદ ધ્રુવના ભાષાન્તરથી અમરુના મુક્તકો ગુજરાતને સુપરિચિત છે. આ ગ્રન્થમાનાં રસકાવ્યો જાણે ગુજરાતના ઉમર ખય્યામની રૂબૈયાતો હોય ને ? પ્રેમ ને પ્રારબ્ધ, સ્મરણો ને અશ્રુ, મૃત્યુ ને અમૃતઃ માનવ જાતિના એવા શાશ્વત ભાવોના શાશ્વત પરિમલ નવસૌન્દર્યને સ્વરૂપે આ ફૂલપાંદડીઓનાં મુક્તકોમાં મ્હેકે છે. મિલનના મોક્ષના દિવસનાં સરિખડાં આમાં અજવાળાં નથી; અવનીની પડેલી અન્ધારી રાત સરિખડાં આમાં પતનના અન્ધારાં નથી; એ ઉભયથી નિરાળી, સન્ધ્યાકાળના ઝાંખા ઝળઝળામાં એક જાતની વિશેષ ગહનતા ને અગોચરતા, દેખાય–દેખાય ને સન્તાય એવી કાંઇક સવિશેષ (Mysticism) અગમ્યતાની ઝાંખ હોય છે; એવી કાંઇક અગમ્યતાની ઝાંખની છાયા આ ગ્રન્થમાં તરવરે છે. કાંઇક ધ્વનિકાવ્યો છેઃ એમના શબ્દો ઉચ્ચરે છે તેથી અવબોધે

છે વધારે. ન્હાનકડી ચોપડી છતાં આ રસગ્રન્થ છે. પચ્ચીસ કુસુમમાળાઓ કે પચ્ચાસ ભણકારનાં આમાં રસસામગ્રી કલાસુષ્ઠુતા શબ્દમાધુર્ય ને કાવ્યપ્રસાદ છે.

૧૩

પ્રાચીનતાનો પાઘોટો ઘાલી નવયુગના એક સાહિત્ય-પુરાણીજી આવ્યા, ને ઉચ્ચર્યાઃ 'અમારાં પુરાણોમા નરગિસ ને ગુલાબનાં નામે નથીઃ માટે એવાં ફૂલ હોય જ નહીં. ફૂલ હોયે, ત્હો યે તે પરદેશી; આર્યાવર્તની ભૂમિને ભાવે નહીં.' આ કવિની કવિતા કહે છે એમનેઃ 'અરે ભૂલતા સજ્જન! આર્યોનાં વતન મધ્યએશિયામાંથી બાદશાહોએ એ ફૂલ આણ્યાં, ને બાદશાહતનાં તખ્ત સંગાથે રોપ્યાં. આંખ મીંચી દીધાથી એ ઇતિહાસ ભૂંસાશે નહીં. તખ્તો ઉખડી જશે, ત્હો યે ઇતિહાસના અક્ષરો રહેશે. સિંહાસનોથી સાહિત્ય વધારે અમ્મર છે.'

૧૪

આ રસકાવ્યોમાં કવિ તો ઉચ્ચરે છે કે; 'કોણ કહે છે કે હું કવિ છું? મ્હારાં મા મ્હને હાલરડાં ગાય છે; હું તો માત્ર ત્હેનું અનુકરણ કરૂં છું.' જગતના મહાકવિઓને યે જગન્માતા મહામાયા અગમ્યતાને કો ઝૂલે ઝૂલાવી હાલરડાં ગાય છે; ને મહાકવિઓનાં મહાકાવ્યો યે એ મહામાયાના અનાહત નાદનાં આછાં–અધૂરાં અનુગીતો જ છે.

૧૫

કોઈ બુદ્ધિનાં ઘૂંચળાં ઉકેલે છે; કોઇ લાગણીના પરપોટા ફોડે છે; કોઈ તારલાની પેઠમ અન્ધારામાં જ ઝબકે

છે; કોઈ પરપીંછે નિજને મોર માની નાચે છે. આ રસગ્રન્થમાં આત્માના અક્ષર માંડી રસશાસ્ત્ર આલેખેલાં છે. ઉકલે તો વાંચો: સહુને કાજે એ છે.

૧૬

આ કાવ્યગ્રન્થની અસાધારણ રસસમૃદ્ધિથી અજબ થઇને મ્હારી ભૂલ થતી હોય તો તે સુધારવાની અભિલાષાથી, કેટલાક સાક્ષરમિત્રોને આના ફરમાઓમાંથી રસકાવ્યો દાખવ્યાં. બેએકે શંકા ઉચ્ચારી કે કદાચ ભાષાન્તરો હશે. અસાધારણત્વના મ્હારા અભિપ્રાયમાં હું સુદૃઢ થયો. અમૃતલાલ પઢિયારનું યે એવું જ થયું હતું. શેઠ લક્ષ્મીદાસ ખીમજીની ઇચ્છાથી એમના આર્ય વિધવા નામના પુસ્તકનો હસ્તલેખ પઢિયારજીએ શેઠ માધવદાસ રૂઘનાથદાસને ને શેઠ કેખુશરૂ કાબરાજીને બતાવ્યો. મ. કાબરાજીએ લક્ષ્મીદાસ શેઠને લખ્યું કે પુસ્તક ઘણું સારૂં છે; પણ આ છોકરો (પઢિયારની ઉમ્મર ત્ય્હારે અઢારેક વર્ષની હતી; ભૈયા જેવો કચ્છ કસી, અડધે તાલકે ટોપી મૂકી, એક પહેરણુ ભર વિચરતા; ને લક્ષ્મીદાસ શેઠનાં ભાડૂતોનાં ભાડાં ઉઘરાવતા) કહે છે કે એ ત્હેણે લખ્યું છે તે હું માનતો નથી. એ પુસ્તક પ્રગટ થયે હિન્દુસ્થાન પત્રમાં સ્વ. વનમાળીદાસ લાધાભાઇએ અવલોકન લખ્યું કે કો સારા સાક્ષરે અમૃતલાલ પઢિયારનું તખલ્લુસ ધારણ કરીને આ પુસ્તક પ્રસિદ્ધ કીધું છે! આપણા કોઈ કોઇ નવજુવાનો યે અસાધારણ નીવડે એમ ક્ય્હાં સુધી આપણે નહીં માનીએ?

૧૭

ગુલાબજળના આમાં ફૂવારા છે. ધારાઓની સિદ્ધાઇથી ને લંબાઈ પહોળાઇથી ફૂવારાને ઓળખનારાઓ આ ફૂવારાને ન યે ઓળખે. પ્રકૃતિમાતના હૈયામાથી સ્વયંભૂ ફૂટતી આ દૂધધારાઓ છે. ગુજરાતના એક નવકવિની કવિતાની આ રસશેડો છે. ગુર્જર સાહિત્યના લતામંડપોને એ ઔર બહલાવશે.

૧૮

કેટલાંક એકદેશી હોય છે; કેટલાંક અનેકદેશી હોય છે. એકદેશીએ પોતાનાથી અન્યથા દેશી પરત્વે મતાભિપ્રાય ઉચ્ચરવા જ નહીં: પાળી શકાય તો એટલો મનોનિગ્રહ ઇષ્ટ નથી ? ! એમનો વાંક નથી: એમનાં નયણાં કાવ્યરસની એ વિવિધતા નિરખી શકતાં નથી, માટે તેમના આત્મા એ રસસૌન્દર્ય માણી શકતા નથી. પ્રેમાનન્દ ને સામળની, દલપત ને નર્મદની, છન્દશ્શરીરશોભતી ને છન્દશ્શરીરવર્જેલી: એમ અનેકરંગી ગુજરાતી કવિતાના રસ માણે એવા અનેકદેશી રસરસિકો ગુર્જર સાક્ષરસંઘમાં ઘણાં છે ?

૧૯

એક કોલેજમાં એક ઇંગ્રેજ ઉપાચાર્ય (Vice Principal) હતા–આજે તે આચાર્ય છે.કોયલ(Cuckoo) ચંડોળ (Lark), બુલબુલ (Nightingale) નાં ઇંગ્રેજ મહાકવિઓનાં ભાવગીતો એમણે વાંચ્યાં હશે કે નહીં, ને વાંચ્યાં હોય તો આત્માએ ઝીલ્યાં હશે કે નહીં,

એ તો એમનો આત્મા ભાખે તે ખરૂં. પણ એમને ત્હારે એક કુટેવ હતી. જ્યારે જ્યારે વસન્ત આવતી, નવપલ્લવને હિન્ડોળે કોયલ હીંચકા ખાતી, જગત ભરીને વસન્તટહુકા બોલતી, ત્હારે ત્હારે તે ઉપાચાર્ય બન્ધૂક લેઇને નીકળી પડતા. પલ્લવઝૂલામાં દૃષ્ટિબાણ ફેંકતા, ને કોયલ ઉપર છરાઓ છોડતા. આ ગ્રન્થમાં એ કોયલના ટહુકા છે, વસન્તનાં વધામણાં છે. ઉપરભાખી કુટેવવાળા રસસાહિત્યના યે કો ઉપાચાર્ય ફૂલપાંદડીઓનાં આ પલ્લવઝૂમખાંઓમાં ઝીણી નજરો પરોવશે, 'વીશાળ' 'હિમગીરી' જેવી જોડણીની ભૂલો શોધી કહાડશે, ને એવી ક્ષુલ્લક ટીકાના છરા કદાચ છોડશે. પણ ક્ષુદ્રતાની એવી ગોળીઓનાં પરવાહીન રસકોયલના રસસન્તાન તો વસન્ત બેઠે ટહુકયે જ જશે, ને રસજગતનાં રસરસિયાંઓ એમના વસન્તટહુકાર સુણશે, ઝીલશે, ને હુલ્લાસશે.

૨૦

ફારસીમાં કહેવત છે કે "મસ્ક આંનસ્ત કે બખુદ બબૂયદ, ન કે અત્તાર બગૂયદઃ" તેમ સુરૈયા અરિખડો અવલોકનકાર ઉચ્ચારે તે નહીં, સ્વતઃ રસસૌરભે ભભૂકી ઉઠે તે કવિતા. દલપતરામ પણ કહી ગયા છે કે 'કવિતા ને કસ્તૂરી તે સાક્ષી વિના સિદ્ધ થાય.' વાંચનાર! મુજ ભાખ્યે આને રસકવિતાની ફૂલપાંદડીઓ માનતાં મા:એમાંના રસસૌરભથી જ આ કવિતાને ઓળખજો-પારખજો.

૧૩મી નવેમ્બર ૧૯૨૪:
અમદાવાદ. } Nanalal Dalpatram Kavi

* પ્રિય મિત્રો !

ઉપરના વખાણુને હું જરીકે લાયક નથી. કારણ કે હું તો એક દીન, અને પામર માણસ છું. પણ માલીકનું નામ જબાનપર લઈને યશ, અપયશ, જય, પરાજય એ સર્વમાથી મેં મારા હાથ ધોઇ નાંખ્યા છે; એટલે જો આ પુસ્તકમાં તમને કંઈ કે સારૂં લાગે તો તે પ્રભુનું સમજજો અને જે ખરાબ લાગે તે મારૂં. જે પ્રમાણે નદીના પૂરના પાણીમાં નિર્મળ, શિતળ જળ તે આસ્માનનું; અને કચરો, કાંટા અને ઝાંખરાં: તે પૃથ્વીના તે પ્રમાણે બાકી ગુજરાતના આ પનોતા કવિએ પુસ્તકની જે કદર કરી છે તે બદલ હું તેમનો ઘણોજ ઓશિંગણ છું. લગભગ આખું પુસ્તક છપાઇ ગયા પછી મને આ ઉપોદ્‌ઘાત મળેલો છે.

પૃથુ. હ. શુકલ.

Dedicated

TO

My Sultana

My Goddess, My Love.

ફુલપાંદડી.

૧

હું તો જુગારી છું.

સંસારમાં મારે માટે સ્થાન નથી; આરામ નથી. સંસારમાં તો લાય લાગી છે. એક દુઃખી દર્દભરી હાયથી સમસ્ત સંસાર વ્યાપ્ત છે.

તો આજે તારા જ દ્વાર પર મારા ભાગ્યની પરીક્ષા કરીશ.

ફળને તિરસ્કારતો, અદ્રષ્ટની મશ્કરી કરતો, હું ફરીથી તારા દ્વાર પર એક વાર આ વ્યર્થ જીવનનો પાસો નાખીશ.

કદાચ ભવિષ્યની કોઇ ધન્ય ઘડીએ તું મારૂં સ્મરણ કરી એકાદ અશ્રુબિન્દુ પાડીશ, અથવા મધ્ય રાત્રિની નિઃશબ્દ શાંતિમાં મને યાદ કરી એકાદ ઉષ્ણ નિઃશ્વાસ મુકીશ.

૨

અનંત કાળની કોઇ પુનિત પળે તને કદાચ લાગશે કે એક રંક, લાચાર, દીન ભિક્ષુકે મારા જ દ્વાર પર મારે જ ખાતર જીવન સર્વસ્વનું બલિદાન કર્યું હતું.

એ ભવિષ્યની એક પળને માટે આજે હું જીવન-સર્વસ્વનો દાવ તારા દ્વાર પર નાખીશ.

૨

તું તારા ટીચુકડા નાકનું ટેરવું ચડાવ કે તારા ઉષાના શરમના શેરડા જેવા આરક્ત હોઠ મરોડ, પણ ફણીધર જેમ ગારુડીને વશ થાય છે તેમ તું મારે શરણે થઈશ.

યાદ રાખજે !

૩

મારી સુલતાના !

ઇશ્કની આગમાં તારો સુવર્ણનો તાજ પીગળી નહિ જાય ત્યાં સુધી તારા દ્વાર પર ફકીરની ધુણી ધખતી રહેશે.

અને સારો સંસાર જોશે કે અનંત ધૈર્ય, અખંડિત ઉન્મત્ત પ્રેમ આગળ પથ્થર પણ મીણ બને છે કે નહિ !

વિધાતાએ તારો પરાજય અને મારો વિજય આજે નક્કી કરી દીધો છે.

૪

ઓ પાગલ !

તારી તુટેલી બીન કોને સંભળાવે છે ?

શું ! આ નિઃશબ્દ ઝરણુને તારી બીન સંભળાવે છે ? પણ એ તો પોતાના જ તાનમાં મસ્તાન છે.

શું ! આ વિહંગને તારી બીન સંભળાવે છે ? પણ એ તો પોતાની પ્યારીના પ્રેમમાં દીવાનું છે. શું ! પ્રભુને સંભળાવે છે ? પણ એ તો મંદિરમાં ભક્તની આરતી સાંભળવામાં નિમગ્ન છે.

હા ! સમજ્યો.

પણે કોઈ તેલ વગરના લુખ્ખા, લાંબા, કાળા, ગુંછળાવાળા આમતેમ પવનમાં ઉડતા વાળવાળી, ડગલે ડગલે ઈશ્કના અંગારની છોળો ઉછાળતી, શ્રમ અને શ્વાસથી ધડકતાં સ્તનવાળી અભિસારિકા આવે છે.

હા ! સમજ્યો !

૫

છેલ્લી જ રાત છે.

શરાબી યારની મુલાકાતની છેલ્લી જ રાત છે. ચિરઆગમાં બળતા દિલને પ્રથમ અને અંતિમ આરામની આ રાત છે.

૪

દિલની દોલતનું દાન કરવાની આ પુનિત પળ છે, જોબનની ખૈરાતની આજ રાત છે.

શરમાઈશ તો દિલના અરમાન દિલમાં જ શમશે.

૬

શરાબીને શિરાઝી બતાવી સુરાઇ સંતાડવી, ભક્તને પ્રભુ બતાવી દૂર કરવો, પરવાનાને શમા બતાવી અંધારમાં દાબવું એ શું વફાઈનું કામ છે?

ત્યારે શું માશુકની મોટાઇ બેવફાઈમાં જ હશે? ઉફ્!

૭

હેરાન નહિ કરૂં.

જો છેલ્લી વાત સાંભળ.

આમ્રતરુ પર લચી જતો મોર, મદોન્મત્ત કોકિલા, રસમુગ્ધ ભ્રમરો, ઈશ્કદીવાની કમલિનીની મનમોહક સુરભિ એ સૌ શું માણસને પાગલ કરવાને બસ નથી કે તેં મને શરાબ પાયો!

તારા આ પૂર્ણિમાન: ચંદ્ર જેવો કપોલપ્રદેશ, તેમાં આ શશિશશાંક શું શ્યામ છુંદણું, ભુવનમોહિની હંસી, મુરલીમુગ્ધ કાલી સમો કેશકલાપ એ શું મારૂં ભાન ભુલાવવા પૂરતું ન હતું કે તેં આવીને મને ચુંબન કર્યું!

૮

એક બિન્દુ દઈ દે.

યુગયુગનો પ્યાસી છું, સંસારરૂપી સહરામાં ક્યાંયે આરો નથી. નિરભ્ર આસમાનમાં આગ ભભુકે છે. નિર્જલ મરૂભૂમિમાં રેત સળગે છે. જીગરમાં તારી જુદાઇનો દાવાનલ પ્રગટે છે.

અનંત આગના વાસીને એક બિન્દુ દઈ દે.

મારા માલિક !

તારી કૃપાનું એક જ બિન્દુ દઈ દે, આ અંધકારમાં માત્ર એક તારક બતાવી દે, અને સ્વામી ! હું તારી પાસે ચાલ્યો આવીશ.

અથવા

અય માલિક !

આ અંધારવનમાં આ આગના રણમાં સંતોષ માનીશ.

એક બિન્દુ દઈ દે.

૯.

શયતાન ! સાંભળ !

પ્રભુનાં દ્વાર ઉઘાડાં હતાં, ત્યાં દરવાન ન હતો. તેને સત્કારવાને મારૂં અંતર અફાટ ઉઘાડું હતું.

૯

પણ નિર્મળ આસમાનમાં જેમ એકાએક વાદળાં ઘેરાય, ધરતીની છાતી ચીરી જેમ એકાએક જ્વાળામુખી ફાટે તે પ્રમાણે તું આવી.

ધડકતા જીગર ઉપર હાથ દાબી, આંખ બંધ કરી, તારે જ ખાતર, ઓ બેવફા ! તારે જ ખાતર, એ અંધકાર, એ વીજળીની આગ અને એ પ્રલયનાં ઘમસાણો સાથે મેં હાથ મીલાવ્યા.

જેમ મહાદાવાનલ સાથે મહાવાયુ હાથ મીલાવતો હોય તેમ તેને બુઝાવવાને નહિ પણ પ્રલયાગ્નિ પ્રગટાવવાને.

અને આજે ઓ દુર્જય સુંદરી ! તું પણ મારો ત્યાગ કરે છે ! ! !

જાઓ ! જાઓ ! શયતાનો, સૌ દૂર થાઓ.

૧૦

માનીનિ !

આ ભુવનમનહર રૂપનો તું ગર્વ કરે છે ? તો સાંભળ.

આ ગુલાબી ગાલો રાખ જેવા સફેદ થશે.

છૂરીની ધાર જેવાં આ તારાં નયનાં દિવસે પ્રગટેલા દીપ જેવાં નિસ્તેજ અને અર્થહીન થશે.

કમલદલ શો આ અધરસંપૂટ સૂકાં, ખરેલાં પત્ર જેવા કર્કશ અને પીળો પડી જશે.

ગાનના આલાપ સમું તારૂં યૌવન સ્તબ્ધ થશે.

માટે પ્યારી ! ખુદાની રાહમાં સૌ ખૈરાત કરી દે.

માલિકની મરજી પર સર્વ નિછાવર કરી દે.

૧૧

સમુદ્રના શિકરે શિકરમાં, પર્વતમાલાના કણે કણમાં તારૂં મિલન અને તારી જુદાઇ જોઈ હું દીવાનો થયો છું.

૧૨

સમસ્ત સંસારના પાપની આગ મારા દિલમાં બળે છે. એ જુદાઈની આગમાં તારા મિલનની અધિરાઈથી હું દીવાનો થયો છું.

૧૩

એક વખતે કોઈ એક કવિ હતો. જગતના લોકો તેને સમજી શકતા ન હતા.

આથી કેટલાક લોકોએ વિચાર કર્યો કે આવા માણસની દુનિયાને જરૂર નથી.

લોકો દોડયા અને જગતને એક ખુણે જયાં એ રહેતો હતો ત્યાંથી તેને ખેંચી લાવ્યા.

કવિએ લોકોને કહ્યું, " પણ હું તમારૂં ડહાપણ સમજી શકતો નથી, માટે ડાહ્યો નથી થઈ શકતો."

આથી ગુસ્સે થઈ એક પંડિતે કવિના હૃદયમાં ડહાપણની કટારી મારી.

કવિ હસતાં હસતાં તે લોકોના પગ આગળ મરણ પામ્યો. હાસ્ય મીઠું પણ અસહ્ય હતું.

અત્યારે પણ જગતમાં એ હાસ્યના હૃદયભેદક પડઘા પડે છે.

૧૪

આવા મધ્યાહ્નને તું કયાં જાય છે ?

રસ્તા ઉપર કોઇ પથિક જણાતું નથી. સરિતાના ઘાટ ઉપર માત્ર બગલાં જ માલુમ પડે છે.

જુવાન પનિઆરી ! આવા મધ્યાહ્નને તું ક્યાં જાય છે ?

તારા કપાળ ઉપરનાં બિન્દુ સૂર્યના તડકામાં ચળકે છે, અને પક્ષી પણ માળામાં હાલતું નથી. ત્યારે પ્રિય પનિઆરી ! તું ક્યાં જાય છે ?

ખેડુતો પણ ઝાડ નીચે આરામ કરે છે, સૂરજ પણ મધ્ય વ્યોમમાં થાક ખાતો હોય એમ દેખાય અને વૃક્ષોનું ગીત પણ બંધ થયું છે. ત્યારે ઘેલી પ્યારી ! તું ક્યાં જાય છે ?

આ ગામમાં એક એવો દીવાનો માણસ છે કે જે આવે મધ્યાહ્નને નદીતીરે સ્નાન કરવા જાય છે. ગરમીથી સરિતાનાં પાણી તપી ગયાં હોય ત્યારે જ તે સ્નાન કરવા જાય છે.

વ્હાલી પનિઆરી ! તું પણ તેની પેઠે દીવાની છે ?

૧૫

મને ખબર ન હતી કે મારા જેવા ભિખ્ખુ વાસ્તે તારાં દ્વાર ઉઘાડાં હશે, પણ જ્યારે તેં તે ઉઘાડવાની કૃપા કરી ત્યારે હવે તો મારી એ જ ભિક્ષા છે કે તારી સામે બેસી તારૂં મનોહર રૂપ નિહાળ્યા કરવાની તું મને રજા આપ.

૧૬

ગા, આશૂક !

તારૂં તે રસીલું ગીત હું સમજી નથી શકતો. પણ એમાં કાંઈક એવું છે કે જેથી મારો આત્મા સંતુષ્ટ થાય છે, અને મારાં પાપ ધોવાય છે.

ગા, આશૂક ગા !

૧૭

જો તું મને એક જ વખત, ફક્ત એક જ વખત તારા ચરણમાં મસ્તક ઝુકાવા દે, તો પછી હું સર્વ

દુઃખો સહન કરી શકીશ. એ એક ક્ષણના સુખને યાદ કરતાં હું નરકનાં દુઃખો પણ સહન કરીશ.

૧૮

હું તો પાપી છું !

તારી પાસે દયા માગવાનો મને અધિકાર નથી, પણ જો તું મને દયા કરી તારા સુન્દર ચરણનું ચુંબન કરવા દે તો પછી હું સુખેથી પાપનો પ્રવાહ જ્યાં ખેંચી જશે ત્યાં જઇશ.

સુખેથી કોઇ ગાઢ તિમિરમાં અનંતકાળ સુધી મારૂં જીવન વ્યતીત કરીશ.

૧૯

સરિતા વહે છે, વાયુ પણ વહે છે. વાદળીઓ પણ સ્વચ્છંદે વિહરે છે. જગત પણ કોઇ અજ્ઞાત પ્રદેશ ભણી ગતિ કરે છે.

હું એ બધું જોઉં છું પણ વહેવાને મારી પાસે રસ નથી. જગતના માનવીઓ મારા સામું જુએ છે અને હસે છે.

પણ પ્રભો ! હું વહી શકતો નથી. છતાં એક સુંદર સરોવર થઈશ જેમાં તારકોનું સુન્દર અને સ્વચ્છ પ્રતિબિંબ પડશે. મારી ખાતરી છે કે ત્યાં

પણ તું તારો હાથ લંબાવી મારા હૃદયસરની લહેરોમાં તારૂં ગીત ગાઇશ.

૨૦

મને ખબર છે.

મને ખબર છે કે તેં મને ગરીબને દયા કરી તારી વાડીમાં આવવા દીધો એટલે તારી આજ્ઞા થતાં મારે ગીત ગાવું જોઇએ, પણ મારા ઉષ્ણશ્વાસથી સુકોમળ ફુલો કરમાઈ જશે અને નાજુક વેલીઓ નમી પડશે એ ભયને લીધે મારા ગળામાંથી સૂર નીકળતો નથી.

૨૧

નાથ !

લોકો મને કહે છે કે સમય પર તમે પ્રાર્થના કરતા નથી. પણ હું તારૂં ગીત સાંભળવામાં મારી પ્રાર્થના ભુલી જાઉં છું.

જ્યારે તું જ નિશદિન સુન્દર ગીત ગાયા કરે છે તો તેમાં બસૂરો સૂર હું શું કરવા ભેળવું ?

૨૨

નિશાનો વિરહ થતો હોવાથી ફિક્કા પણ મનોહર ચંદ્રને નિહાળતો હું નદીના કિનારા ઉપર બેઠો

હતો. ફક્ત દૂર નદીમાં ગાડાં હાંકતા ગામડીઆના સૂર સંભળાતા હતા. એવામાં પ્રેમી સારસે બૂમ મારી, "ક્યાં છે?" આ સાંભળી વહેતી સરિતા થંભી ગઈ અને વિચારવા લાગી કે "ક્યાં છે?" હું પણ વિચારવા લાગ્યો કે તે ભૂવનમોહિની સ્વછંદી બાલા ક્યાં છે?

વિશ્વનાં સૌ તત્વો ચુપ થઈ વિચારવા લાગ્યાં કે તે વિશ્વમોહિની ક્યાં છે?

૨૩

પ્રભુ!

મારાં સર્વ ગીત, મારાં સર્વ કાર્ય, મારૂં સર્વસ્વ તારામાં વિલીન હો!

૨૪

હું તારા ગીતથી એટલો તો મુગ્ધ છું કે જો તારૂં ગીત બંધ પડે તો મારી શી દશા થાય એની મને ખબર નથી.

૨૫

પ્રભુ!

હું જે દશામાં છું તે જો સ્વપ્ન હોય તો મને તેમાંથી કદી જગાડીશ નહિ. કારણ તે એટલું મધુર છે કે મને બીજાની ઇચ્છા નથી.

૨૬

તારાં ગીત તો સુન્દર છે, પણ હું તેની મોંઘી કીંમત આપું છું.

૨૭

ક્યાં સુધી આ વિરહ સહન કરવો ?

આના કરતાં મારા દ્વાર ઉપર આવી તેં સ્મિત ન કર્યું હોત તો હું કેવો સુખી હતો !

જ્યારથી મેં તારૂં સ્મિત દીઠું, જ્યારથી એ તારૂં મનમોહક હાસ્ય દીઠું, ત્યારથી મને ખબર નથી કે શું થયું છે ? પણ કોણ જાણે દિલમાં ચિર-ભયંકર જ્વાળા બળતી હોય એમ લાગે છે.

શું કરવાને તેં મને કાનમાં કહ્યું કે જગતની સર્વ મહત્ત્વાકાંક્ષા મિથ્યા છે અને હું જ સત્ય છું ?

શું કરવા તેં મારા સંગેમરમરના દિલને મોમનું બનાવ્યું ? જો તારે તે ચીરવું જ હતું ?

શું કરવા તેં મને અધરામૃત પાઈને અમર બનાવ્યો ? જો તારે મને વિરહમાં જ બાળવો હતો ?

અરે પાષાણહૃદયી ! તેં શું કરવા તેં મને તારા ચાંદની જેવા હસ્ત વડે, તારા હિમધવલ હૃદય સાથે આલિંગન આપ્યું ? જો તારે મને દ્વાર પરથી ધક્કો મારવો હતો ?

શું હું બહાર ટાઢમાં પણ આનંદથી નહોતો રહ્યો ?

મને તારા સુંદર સ્મિતની ખબર ન હતી, હું તારા શરાબી હોઠના ચુંબનની મજા જાણતો નહોતો, તારી શરાબની સુરાઈની લહજ્જત મને ખબર ન હતી. હું અજ્ઞાન હતો અને સુખી હતો. શું કરવા તેં તારા કમળની પાંખડી જેવા કપોલ ઉપર મને હાથ ફેરવવા દીધો ?

દુઃખ, દર્દ અને ધિક્કારમાં પણ શું મારૂં મસ્તક ઉચું નહોતું રહ્યું ? અને હૃદય નાચી નહોતું ઉઠતું ?

૨૮

તારી ભક્તિ કરતાં કરતાં સર્વ ખાકમાં મળી જાઓ.

૨૯

મારા જીવનની કોઇ પુનિત ઘડીએ તારાં દર્શન થયાં, પણ તે વખતે મને ખબર ન હતી કે મારે પછી આમ તરફડવું પડશે.

આહ ! જો તે વખતે જાણ્યું હોત !

૩૦

અજબ છે.

શરાબની ખુમારી અજબ છે. મસ્તાન સિવાય તેની લહજ્જત કોણ જીરવે ?

સાચા શિષ્યને જ ગુરુદેવ શરાબ આપે છે.

૩૧

જાદુગર !

તેં તારી લાકડી વડે જગતને અંધકારમાંથી પ્રકાશમાં ને મૌનમાંથી ગીતમાં ફેરવી નાખ્યું છે. પણ શું તારી જાદુઈ લાકડીમાં એવું નથી કે જે મારા હૃદયને સંગીતમય કરી નાખે ?

૩૨

મને એની દરકાર નથી.

કાંટા હોય કે ફુલ હોય, અમૃત હોય કે ઝેર હોય, ચુંબનનો શરાબ હોય કે અંગારની આંચ હોય.

મને એની દરકાર નથી. મને તો તે તારા હાથથી મળવું જોઈએ.

૩૩

માલિક !

હું તરસથી મરૂં છું. મને ટીપું શરાબ નહિ આપો ? હું તારા પ્રેમને વાસ્તે મરૂં છું, મને એકે શબ્દ આશ્વાસનનો નહિ કહો ?

હાય ! શું તું આવો જ છે ?

૩૪

ચાલો !

આપણે અહીંથી ચાલ્યાં જઇએ. આપણી જુવાની ખૂટી જાય ત્યાર પહેલાં આપણે પ્રભુના દરબારમાં પહોંચીએ.

નહિ તો આપણે રસ્તામાં જ વૃદ્ધ થઇને મરી જઈશું.

જુઓ ! સૂર્ય આથમે છે, અને આપણે આપણી જુવાની આથમે ત્યાર પહેલાં પ્રભુ પાસે પહોંચવું જોઇએ.

૩૫

તને પ્રાપ્ત કરી આનંદાશ્રુની મને પ્રબળ ઇચ્છા થતી પણ આંસુ આવતાં નહિ, કારણ મારાં આંસુ ખૂટી ગયાં હતાં.

સ્મિત તો હતું જ નહિ એટલે હું પત્થર માફક ઉભો રહ્યો.

૩૬

અને લાગે છે કે તારૂં ગીત સાંભળવું અને એમાં મુગ્ધ થવું એ જ મારા જીવનનું ધ્યેય છે.

૩૭

હું જાણું છું કે તું વિશ્વની સુલતાના છે, સમુદ્રને તળીએ ઠરેલાં રત્નો અને ધરતીના પડમાં વસેલા

ખજાનાની તું માલિક છે. તે છતાં જો તું મને આજ્ઞા કરીશ તો હું તારે વાસ્તે હિમાલયમાંથી ફરહાદની પેઠે મ્હેલ કોતરી કાઢીશ; ગોપીઓની પેઠે સ્વર્ગનો ઈન્કાર કરીશ.

પણ તું તો શ્રીમંતાઈથી ગર્વિષ્ઠ છે. એટલે મારો પ્રેમ શી રીતે બતાવું ?

પણ પ્રેમ વગર સર્વ ખજાના માટી બરોબર છે. ભક્ત ન હોય તો ઈશ્વરની પણ કોડી કિંમત નથી.

૩૮

મેં જગતમાં કશુંયે કર્યું નથી.

જ્યારે તારાથી વેગળો થાઉં છું ત્યારે મારી સર્વ શક્તિઓ અલોપ થઈ જાય છે; જ્યારે તું નજદીક હોય છે, ત્યારે હું તારા સૌન્દર્યમાં મુગ્ધ થઈ જાઉં છું.

તું જ કહે કે હું શી રીતે કંઈ કરૂં ?

૩૯

મેં તો તારી પૂજા આદરી છે. મારાં દરેક કાર્ય તારી પૂજાર્થે થાઓ !

૪૦

પણે સમુદ્રની ક્ષિતિજમાં તોફાનનો જન્મ થયો

લાગે છે અને પર્વત જેવડાં મોજાંના હૃદય ઉપર મારૂં વ્હાણ, શિખર ઉપર ઉડતાં પંખી જેવું રમે છે.

૪૧

ભલા માણસો ! તમે મને ગરીબને શું કરવા સતાવો છો ?

મારૂં વ્હાણ તમારા કાફલાને નુકસાન નહિ કરે. મારી કિસ્તીમાં તમારા બજારને લાયક માલ નથી. વેપારમાં મારે તમારા હરિફ થવું નથી.

જ્યાં સમુદ્ર ઠરી જાય છે, જ્યાં ઉષા દીર્ઘકાલ ટકે છે, જ્યાં ભાસ્કરના પ્રખર કિરણો હિમમાં પ્રતિબિંબિત થાય છે ત્યાં જઈ મારે તો વાસ કરવો છે.

૪૨

ખાક તો તારીયે થવાની છે અને મારીયે થવાની છે, પણ તેમાં ફેર છે.

હમારી ખાક ફીનીકસની પેઠે હમારાં આંસુથી થશે અને તમારી ચિતા બીજાને હાથે રચાશે.

૪૩

સમીર ! સરિતા ! તમારાં ગાન શું કરવા બંધ થયાં ? શું મારા નાથની એવી આજ્ઞા છે કે દુઃખીના

આશ્વાસન વાસ્તે તમારે ગાવું પણ નહિ ? કે પછી ગાતાં ગાતાં તમે થાકી ગયાં ?

૪૪

તારા ચરણમાં નમન કરતાં કરતાં ખાકમાં મળી જવું એ જ અમારૂં સ્વાર્પણ. એ જ હમારી ભક્તિ ! એ જ અમારો અંત !

૪૫

કોણ કહે છે કે હું કવિ છું ? મારાં મા મને હાલરડાં ગાય છે. હું તો માત્ર તેનું અનુકરણ કરૂં છું.

૪૬

સુરજ લીલી ટેકરીઓ પાછળ આથમી ગયો અને ગોવાળની વાંસળી વાગતી બંધ થઈ એટલે હું બારી આગળથી ઉઠી ગયો.

સંગીત અને પ્રકાશ વગરનું જગત કોને ગમે ?

૪૭

હું કોઈ દિવસ હસતો નહિ, પણ એક દિવસ કવિતાએ આવી મને ચુંબન કર્યું, ત્યારથી મારા હોઠ ઉપર હંમેશાં સ્મિત ફરકે છે.

૪૮

એક દિવસ ચાંદની રમતી રમતી હિમાલયની ખીણોમાં ગબડી પડી.

મેં મૂર્ખે જાણ્યું કે પડવાથી એ દિલગીર થઈ હશે તેથી હું એને આશ્વાસન આપવા ગયો.

પણ એ તો હસતી હતી.

૪૯

મારી પાસે એક પુરાણી નૌકા છે. સમુદ્રના અથાગ જળને ઓળંગવાને મારી પાસે એ જ એક નૌકા છે.

જગતમાં મેં તપાસ કરી કે એની કોઇ મરામત કરે છે? અનેક યુગો પ્રવાસીની માફક વહી ગયાં, નૌકા એમની એમ તૂટેલી છે. સમુદ્રનાં મોજાં મારી તરફ જોઈ સ્મિત કરે છે.

હું કોઈ એવાની રાહ જોઉં છું કે જે મારી નૌકા મરામત કરે.

૫૦

મારા પ્રભુ! મારા વ્હાલા, મારા દિલમાં કાંઇક થાય છે. તેથી હું ગાઇ શકતો નથી. પ્રભુ! તારો હાથ મારા દિલ ઉપર મૂક, જેથી હું તારા ચરણમાં બેસીને ગાઇ શકું.

૫૧

સુલતાના!

તારી ભૂવનમનમોહિનીમૂર્તિ એક એવું સૌન્દર્યનું ઝરણું છે, કે જેને જોવાનુ ક્યાંથી શરૂ કરવું અને ક્યાં પુરૂ કરવું એ સુઝતું નથી.

જ્યાં નજર પડે છે ત્યાં ઠરી જાય છે.

૫૨

જ્યારે ગ્રીષ્મ આવે છે, ત્યારે જેની પાસે વહેવાને રસ નથી એવાં ઝરણાં સુકાઇ જાય છે.

૫૩

રૂદનમાં એ તારૂં મનસ્વીપણું દેખાતું હતું કારણ કે તેં મને તારાં આંસુઓ ચૂમવા દીધાં નહિ.

૫૪

ફકીરીની મજા અજબ હોય છે. એ મજા વર્ણવવાની ફકીરોને ફુરસદ હોતી નથી.

૫૫

પુરાણા, ખંડિયેર થએલાં મકાનો ઉપર સૂરજ પોતાના કિરણ નાંખે તો એ શું ? અને ન નાંખે તો એ શું ?

૫૬

ઉંચેથી પડતા ધોધમાં જ ઝ્હાડને તોડવાની તાકાત હોય છે.

ગંગાનું પતન અને જગતનો ઉદ્ધાર.
કોણ કહે છે કે પતન એ પાપ છે?

૫૭

સુન્દર નિશાએ પોતાના પ્રવાસની તૈયારી કરી. પોતાની રૂપેરી દેહ ઉપર શ્યામ સાડી ઓઢી, કપાળમાં ચંદ્રક કરી, અલબેલી નિશાએ જતાં જતાં મને કાનમાં કહ્યું; "હું **એને** શોધવા જાઉં છું." નિશા ઝડપથી એની શોધમાં નીકળી પડી.

ઉષા શરમાતી શરમાતી બ્હાર આવી. એણે મને પૂછ્યું કે, "તને **એની** મુલાકાત થઇ છે? હું એને શોધવા આવી છું." મેં એને ડોકું હલાવી ના પાડી. ઉષા પણ **એને** શોધવા પ્રવાસે નીકળી.

મને લાગ્યું કે પવન અને સરિતા પણ **એને** જ શોધવા ભટકે છે, અને હિમગિરિ ઉંચું મસ્તક કરી **એની** જ રાહ જોઇ રહ્યો છે. પણ મારામાં હવે **એને** શોધવાની તાકાત રહી નથી. એટલે હું આ રેતીના કિનારા ઉપર બેસી **એના** ગીતથી સંતોષ માનીશ.

૫૮

સૂર્યનું ધ્યાન ધરતી ઉષા ઉભી રહી અને આખરે સૂર્યમાં મળી ગઇ. તેમ હું તારૂં ધ્યાન ધરીશ અને તારામાં મળી જઇશ.

૫૯

ઓ સમુદ્ર ! ઓ સરિતાઓ ! તમે એક વખત સુકાઈ જાઓ. ઓ ઝરણાંઓ અને સરોવરો ! તમે શોષાઈ જાઓ. તારાઓ ! નક્ષત્રો ! તમે સૌ ખરી પડો. અરે સુકુમાર કુસુમો ! તમારી પાંખડીએ પાંખડી ખરી પડો. માનવીઓ ! તમારાં હૃદય ફાટી જાઓ; કારણ, મારો નાથ કયાં છુપાયો છે તે મારે જોવું છે.

૬૦

અય માલિક !

હું કમળ, તું સરોવર. તારામાં હું જન્મ્યું, તારામાં હું પોષાયું, માટે મારૂં સર્વસ્વ તને જ સમર્પણ હો. મારી વૃદ્ધાવસ્થાની ચીમળાયલી દેહનું અંતિમ શાન્તિસ્થાન તારા વગર બીજું કોણ હોય ?

૬૧

ડાહ્યા લોકો કહે છે કે હું આદર્શ વગરનો આદમી છું, કારણ કે પ્રભુ ! એમણે તારૂં ગીત સાંભળ્યુ નથી.

૬૨.

હું તારી આગળ અક્કડ ઉભો રહું છું, એનો અર્થ એમ નથી કે હું ગર્વિષ્ટ છું, પણ જો હું તને

નમીને પ્રણામ કરવા જાઉં તો તારૂં સુખકમળ મારી દૃષ્ટિમર્યાદામાંથી ખસી જાય.

મને એ અસહ્ય છે.

૬૩

સો શાંત થાઓ! સાંભળો! કોઇ હૈયાફાટ રડે છે.

૬૪

જ્યારથી મેં તારી તે મૂર્તિ દીઠી ત્યારથી લોકો કહે છે કે હું દિવાનો થઈ ગયો છું.

હાય! તારી જુદાઇમાં દિવાના થવું એમાં કેટલું દર્દ છે? કેટલું સોભાગ્ય છે?

૬૫

પ્રિયતમે!

તારાં પાપને પણ મેં પવિત્ર માન્યાં છે અને એ તારા પ્રતિના પ્રેમની પરાકાષ્ટા છે.

એથી અધિક હું શું કરી શકું?

૬૬

જ્યાં હંમેશાં હું તારૂં રૂદન અને તારૂં હાસ્ય સાંભળી શકું. તે સમુદ્રો પરના ખડકોમાં રહેવું મને ઘણું ગમે છે.

૬૭

તારા વિરહમાં રડી રડી મેં આંખો ગુમાવી.

માલિક! હવે જ્યારે તું આવ્યો ત્યારે તારાં દર્શન કરવા હું અસમર્થ બન્યો.

જાણે જુવાની ગઈ અને માશુક આવી.

૬૮

ગાંડાઓ રડે છે અને હસે છે.

દુનિયાના ડાહ્યા લોક તે સમજી શકતા નથી. સમજી શકવાના નથી.

૬૯

હું એવું કરવા ઈચ્છું છું કે મારા મૃત્યુ ઉપર કોઇ રડે નહિ.

લોકો મુવેલાંને સંભારે છે અને રૂદન કરે છે. અહા મોતમાં કેવી મિઠાશ છે?

૭૦

અહા! એવું કોણ દયાળુ છે કે જેના રૂદનથી ઝરણાં, સરિતા, સમુદ્રો, સર્વ ઉભરાઈ ગયાં છે.

૭૧

જહાંના બાદશાહો !

તમે જો એક વખત હાફીઝ અને મીરાંએ પીધો હતો તે, શરાબ પીઓ તો તમારા જવાહિરથી. અને લોહીથી લાદેલા તાજને તમે ખાકમાં ફેંકી દો

૭૨

ભલા, મને તો હવે બાદશાહોની શી પરવા હોય ? અને માશુકની પણ શી હોય ? કારણ હવે મને કશાની ઇચ્છા નથી.

૭૩

સમાધિ તો પ્રિયાની જ લગાવી શકાય, અને પ્રિયાના નામની જ તસ્બી અનંત હોઇ શકે.

૭૪

ઓ કૃતઘ્ન બુલબુલો ! શું તમે કરમાએલા ચમન ઉપર એક પણ આંસુ પાડયા વગર ઉડી જશો ?

ભલે, તમારી જેવી ઇચ્છા.

૭૫

લુકમાંના ચેલાઓ ! તમે ઇશ્કની બિમારી મટાડી ન શકો,

તમારી હકીમી દવાઓ એ દર્દને વાસ્તે નથી.

૭૬

અંધારી રાત્રિના તારકો ! તમે પ્રણયની ઝાંખી સ્મૃતિ જેવા છો.

૭૭

જગતમાં એવાંને એવાં બાળકો રમે છે અને ગૃહો એ જ રીતે શણગારાય છે. શિવાલયમાં તે જ પ્રમાણે આરતી થાય છે.

બજારમાં હજુ એવી જ ધમાલ છે.

માત્ર હું જ વૃદ્ધ થયો છું.

૭૮

જહન્નમ જેવા આ ભીષણ જગતમાં માત્ર માલિકના નામ પર જ મારે આનંદ છે.

માલિકના નુરની ઝાંખી થવાની આશાથી જ મારા કરમાયેલા હોઠ ઉપર સ્મિત આવે છે.

૭૯

તારા ભણી મારો પ્યાર બતાવવાના વિચારથી હું હંમેશાં તારી રાહ જોઉં છું પણ જ્યારે તું આવે છે ત્યારે તારા હબહબા આગળ હું સ્તબ્ધ થઈ જાઉં છું.

એવું હરરોજ થાય છે અને હું મારો પ્યાર બતાવી શકતો નથી, આથી લોકો મને નાસ્તિક કહે છે.

૮૦

જો ઈશ્કની ધુણી આગળ સમાધી ચડે અને તે એવી કે, વિજળી પોતાના કડડાટો સાથે તૂટી પડે, અથવા કોઇ ધારદાર છુરીથી આંખને ઓતરી નાખે, કોઈ માથું કાપી ઠોકરે મારે તોયે જબાન ઉપરથી માલિકનું નામ ન ખસે.

એક હાય ન નીકળે, એક રોમાંચ પણ ન ઉભું થાય!

૮૧

મારા નરમ અને સ્વચ્છ હૃદયમાં જો પાપના છાંટા ઉડયા હોય તો તે તેં ઉરાડયા છે, માટે તારે જ એનો સ્વીકાર કરવો ઘટે.

૮૨

હવે હું કાંઈ અસંતોષના આંસુ પાડતો નથી. મારા પ્રભુ! આ તો તારી કૃપાનાં આંસુ છે.

૮૩

વિશ્વની સર્વ સત્તાઓ તારા ગીતમાં રસાયેલી છે.

પ્હાડની ગુફાઓ અને આકાશના પડદાઓ તારા ગાનથી ધ્રુજી ઉઠે છે.

દુઃખ, દર્દ, મોત એ પણ તારા જ ગાનનો એક આલાપ, એક તાન, એક પલટો છે.

૮૪

તું મને આલિંગન દઇ વિદાય કરે એ મને મરવા જેવું લાગે છે.

જેમ સુરભિ પુષ્પમાં મળી ગયેલી હોય છે, એમ મને તારામાં મળી જવાદે.

૮૫

તારી આવી નાલાયકી મને જરાયે ગમતી નથી, તું હંમેશાં હૃદયભેદક ગુનગુનાટ કર્યા કરે છે. પણ મુખથી કદી બોલતી નથી.

૮૬

હું દુનિયાને શું કરૂં ?

હું તો એકલો જ તારી સાથે આવીશ. કારણ કે જ્યારે હું તેમને તારૂં ગીત સાંભળવા કહું છું ત્યારે તે લોકો કહે છે કે હું મૂર્ખ છું.

૮૭

ઓ પ્રભુ! જો તમે મારે ત્યાં આવો તો હું તમને શું આપી શકું ?

વિયોગનાં આંસુ સિવાય તમને આપવા લાયક મારી પાસે કશું નથી. તમારી ગેરહાજરીમાં મારી પાસે આંસુ સિવાય શું હોય ?

૮૮

જ્યારે યુવાન હૃદયમાં બળતા પ્રેમ જેવો ધગધગતો સૂરજ પૂર્વનાં દ્વાર ઉઘાડે છે અને કોઈ હુશિયાર ચિતારાની પિંછીથી ચિત્રાયેલી પાંખવાળાં વિહંગો સ્વર્ગીય ગીત ગાય છે, જ્યારે લીલા છોડવાઓ ફુલનો મુગટ પહેરી યુવાન સુંદરીની માફક અક્કડ ઉભા રહે છે, ત્યારે મને જીંદગી સફળ લાગે છે.

૮૯

જ્યારે હું હરિયાળાં સપાટ મેદાનોમાંથી પસાર થાઉં છું, જ્યારે દુનિયાના કંગાલ માનવચક્ષુથી ન દેખાય એમ અપ્સરાઓ ત્યાં નૃત્ય કરે છે અને બાલકોના હૃદય જેવી નિર્મળ હવા ફુંકાય છે ત્યારે મને તારો વિરહ સાલે છે. મારી આંખમાંથી જુદાઈનાં આંસુ ટપકે છે.

૯૦

તારી સત્તાની પતાકા રૂપ સૂર્યકર દ્વારા તું મારામાં નૂતન જીવન રેડે છે.

૯૧

વસંત !

મારે હવે તારૂં કામ નથી, કોકિલા ! ઝરણાં ! તમારૂંયે કામ નથી. કારણ હું યમલોકમાં જાઉં છું.

તમારે ત્યાં આવવું હોય તો ચાલો.

૯૨

તું ક્યાં રહે છે ?

આકાશમાં કે પાતાળમાં ? કબ્રમાં કે ગુલશનમાં ? બાળકની નિર્દોષતામાં કે સ્ત્રીઓની કુટિલતામાં ?

૯૩

મેં તારો પ્યાર ખરીદ્યો છે અને બદલામાં સુખનો ભોગ આપ્યો છે.

તારા પ્યારની કિંમત મોંઘી છે.

૯૪

અહા ! તું કેવી દિલગીર દેખાય છે ! તારાં પગલાં કેવાં ધીમે ઉપડે છે ! કારણ શું છે ? મારી

માશુક ! જેની પાસે શરાબ હોય, જોબન હોય તે આટલું દિલગીર શાને થાય ?

૯૫

પ્રભાતનો આથમતો શશિ, પ્રિયાએ રડી રડી રાતી કરેલી આંખ જેવો હતો.

૯૬

મા ! ઓ મા !

મારાં પાપ અને પુન્ય એ સૌને છોડી આ જ હું તારી પાસે આવું છું.

૯૭

તું દૂર છે,

કોને માલમ નથી કે તું દૂર છે.

જો એકવાર સમીપ થઈ જઈએ !

જો એક જ વાર હોઠથી હોઠ મીલાવી લઇએ !

પણ તું દૂર છે.

તું પાષાણ છે.

જો એક જ વાર તારા હોઠ ડસડસી રહે ! જો એક જ વાર તારા હૈયામાં ડૂમો ભરાય !

પણ તું પાષાણ છે.

તું બેવફા છે.

જો તું એક જ વખત આપેલો કોલ પાળે ! જો એક જ વખત મન, દેહ, અને પ્રાણથી કરેલી મારી વફાઇનો વિચાર કરે !

પણ તું બેવફા છે.

કોને માલમ નથી કે તું બેવફા છે.

૯૮

તારાં નૈનાં ! ઉફ્ !

એવું શું છે તારા નૈનમાં કે જે ચૂમવા છતાં તૃપ્તિ નથી.

એમાં એવી તે શી આગ સળગી રહી છે કે જેને ચૂમતાં દીલ સમસમી ઉઠે છે અને ચૈતન્ય સ્તબ્ધ થઇ જાય છે.

આવ ! ઓ જાદુઇ નૈનાંવાળી ! આવ !

તારાં નૈનની એ આગ મને ચૂમવા દે.

સંસારને, સ્વર્ગને જહન્નમ થઇ જવા દે.

આવ. એ જહન્નમનાં કોઇ એકાદ નિરાપદ ખુણે બેસી આપણે દીલની કીતાબો ખોલીશું.

સંસારમાં જેનું કોઈ નથી એવાં આપણે બે હાથમાં હાથ મીલાવી અનંત કાળ વ્યતિત કરીશું.

લાજ શી? શરમ શી? ભય કોનો છે? કોઇને આપણી પડી નથી. આપણને કોઇની પડી નથી.

જાદુઈ નૈનવાળી!

આપણે હાથમાં હાથ મીલાવી, હોઠથી હોઠ મીલાવી આ અનંત પ્રવાસને પૂરો કરીએ.

૯૯

આસ્માન ખાલી છે.

અય માલીક! કરીમ! રહીમ! તારા ગુલામને માટે આસ્માન ખાલી છે.

ઉમ્મીદનાં તુફાનો નથી, આશાનાં કીરણ નથી, નિરાશાનો શરાબ પણ નથી.

ખુદા!

તારા દીદારના નૂર વગર જહાં અને આસ્માન, જીવન અને પ્રાણ સૌ વેરાન છે.

૧૦૦

અય માશુક!

ગુન્હાની સજા દઇ દે. ગુન્હેગાર છું કે નહિ તેના વાદથી શો ફાયદો છે?

પરવાનાએ સમાને કહ્યું, "તારૂં રૂપ એવું છે એમાં હું શું કરૂં"?

સમાએ પરવાનાને કહ્યું, "તારૂં દીલ એવું છે એમાં હું શું કરૂં"?

આ વાતનો અંત ક્યાં આવે?

દીલ દીધું છે તો દીલ દેવાની કિંમત ભરવાને પણ તૈયાર છું.

ફરમાવી દે તારી સજા, ખૂનથી તારી પાનીએ મેંદી ચઢાવું કે, તારી બીનને માટે નૈનાંની નખલી બનાવું?

૧૦૧

પ્રવાસ અનંત હોય, પંથ નિર્જન હોય, જીવન રસહીન હોય, તે વખતે હું એકાદ પળ કોઇ વૃક્ષ તળે જો આરામ કરૂં અને તેને તમે **પાપ** કહો તો તેમાં મારી કસુર નથી.

માત્ર માલીક જ જાણે છે કે તેમાં મારી કસુર નથી.

૧૦૨

તાકાદ આપ.

એ મગરૂર પ્યારી પર પ્રેમ કરવાની તાકાદ આપ, બેવફાઇથી ગરદનો કપાતી હોય ત્યાં વફાઈ કરવાની તાકાદ આપ.

પત્થરની પૂતળી ઉપર જાન ન્યોછાવર કરવાની તાકાદ આપ આગને શરાબ બનાવાની તાકાદ આપ.

અય માલીક ! જ્યારે ક્રોધ અને ધિક્કારથી તેનું હૈયું ધબકી રહ્યું હોય ત્યારે તે સુલતાનાના હોઠથી હોઠ મીલાવાની આ ગુલામને તાકાદ આપ.

૧૦૩

માલીક !

જે તારૂં હતું તેને એકવાર ફરીથી અપનાવ.

આંખ મીંચી તારૂં ધ્યાન ધરૂં છું ત્યાં ખંજરની ધાર જેવી તેની આંખો ચમકી ઉઠે છે, આજે તારા નૂર કરતાં તેની આંખોનું નૂર શાથી પ્રિય થયું છે ? તારી કૃપાના અમૃત કરતાં તેના હોઠના શરાબ માટે દીલ શાથી તલપી રહ્યું છે ?

તારૂં ચીરપરિચીત ગાન સૂણવા ઘડીક સ્તબ્ધ બનું છું ત્યાં તો હવામાં છલકાતા ફુવારા જેવો તેનો કલરવ યાદ આવે છે.

પ્રભુ ! તેં મારો ત્યાગ શાથી કર્યો છે ?

ભલે, તારી ઈચ્છા પ્રમાણે થાઓ. આમીન.

૧૦૪

હે મિત્ર, સાંભળ !

પંડિતોની વાત તું માનીશ નહિ. આદમ અને ઈવને સેતાનેજ જ્ઞાનરૂપી ફળ ચખાડયું હતું.

માનવીઓને પંડિતો જ્ઞાનરૂપી ફળ ચખાડે છે.

પ્રભુની કૃપા ઉપર તું નિર્ભર રહેજે અને તને જે માર્ગે લઈ જાય તે માર્ગે ચાલ્યો જજે.

પ્રભુ અને તારી વચ્ચે પંડિતોને અને આચાર્યોને દલાલ રાખીશ નહિ.

૧૦૫

માલીક !

તારા ચરણુને અશ્રુજલથી ધોઉં, તારા દીદારનાં દર્શન કરી તારી મોટાઈમાં ફના થઉં.

ઓ શાહેનશાહ ! તારી કૃપાના સાગરમાં એકવાર અદૃશ્ય થઈ જઉં.

એટલીજ મારી આશા અને એજ મારૂં જીવન સાફલ્ય.

૧૦૬

શ્રીમંતાઈ અને કીર્તિ !..

એ પ્રખ્યાતિનો અંધકાર મને ગમતો નથી.

મને તો અજાણ્યા મુસાફર થવું ગમે છે, જેને કોઈ પૂછતું નથી, પીછાનતું નથી.

૧૦૭

એક સ્વપ્ન થયું.

જાણે કોઇ અપૂર્વ સુંદરીએ પોતાના બાહુપાશમાં મને બદ્ધ કર્યો છે.

પણ જાગ્યો અને જોયું તો નાગપાશથી મારો આત્મા ગુંગળાતો હતો, તેના ઝેરીલા શ્વાસથી રાક્ષસી અંધકાર છવાયો હતો અને તેના ફુંકાર વાયુનાં પિશાચી તુફાનો પેઠે મારા બદનને રૂંવેરૂંવે આગ પ્રકટાવતા હતા.

૧૦૮

પંડિતો અને આચાર્યોએ મને કહ્યું પ્રભુ પ્રકાશ-મય છે. પ્રભુ એ જ પરમકલ્યાણ છે. તેની સાબીતીમાં તેમણે પોતાના જેવા જ ઉલ્લુઓએ લખેલાં પુસ્તકોનો મારી આગળ ઢગલો કર્યો.

હું ખરે જ અંજાઈ ગયો.

પણ બીજે દિવસે જ્યારે હું તે નદીની લેખડ ઉપર આવેલા આંબાની છાંયે બેસી તે પુસ્તકો વાંચવાનો પ્રયત્ન કરતો હતો તેવામાં આસ્માનથી એક પરી ઉતરી આવી.

તેનું યૌવન છકી જતું હતું અને તેની લીંબુની ફાડ જેવી આંખોમાં વિશાદ હતો. સિતારના તુટતા તાર જેવા સ્વરે તેણે મને કહ્યું.

"પ્રભુ અંધકારમય પણ છે, પ્રભુ પરમઅકલ્યાણમાં પણ વસે છે. એ મહાન દયાળુ હકીમ છે, જ્યાં દર્દ છે, દુઃખ છે, પાપ છે ત્યાં એનો નિરંતર વાસો છે."

એ વાત કોણ માનશે કે સ્વર્ગ અને નરક બેય પ્રભુના દરબાર છે.

૧૦૯

ના ફીકર નથી.

ભય નથી, લજ્જા નથી, શરમ નથી, આજે ફનાની રાત છે. જેને વાસ્તે યુગયુગથી રાહ જોઇ તે આજે આવે છે.

આજ સ્વાપર્ણની હાલત છે, કત્લની રાત છે, ઐશોઆરામની ઘડી છે, સાકી છે, શરાબ છે, માશુક છે, મેહેફીલ છે.

નથી માત્ર ભય, લજ્જા અને શરમ.

૧૧૦

મંદીર, મસ્જીદ અને દેવળ સૌ મારે મન સમાન છે. કેદખાનાના કેદીની પેઠે તને હું ત્યાં જોઉં છુ.

ત્યાં તારા ગળામાં નંબર પડેલો હોય છે અને તને મળવાને માટે કાયદા અને કાનુનો નક્કી થયેલા હોય છે.

ઝરણુના સ્વચ્છ પ્રવાહને બંધ કરી એના ગંધાતા જળમાં ગુલામો સ્નાન કરે છે અને મોક્ષની આશા રાખે છે.

પણ મેં તો તને નીલ આસ્માનમાં, સમુદ્રના અનંત જળપટમાં અને અમાસના ભયંકર અંધકારમાં જોયો છે અને હું મુક્ત થયો છું.

૧૧૧

જીવન અને મુક્તિ એતો તારા ગાનનો એક અલાપ માત્ર છે. તે સાંભળવાને જેને કાન નથી, સમજવાને હૃદય નથી, તેને નથી જીવન કે નથી મુક્તી, તે તો મરેલા છે.

૧૧૨

આશાની ભસ્મ ઉપર, કીર્તિનાં પડી ગએલાં ખંડીએરોમાં, નીરાશાની આગમાં નૃત્ય કરવું એમાં પણ મજા છે.

કોકીલના એક આલાપ ઉપર, પ્રિયાના નૂપુરના

એક ઝણકાર ઉપર, માશુકના એક ઝુલ્ફ ઉપર જાન ન્યોછાવર કરવો એમાં પણ એક મઝા છે.

યૌવનથી છકેલી દીલબરની હડપચીના એક નીલ છુંદણાના ચુંબનને ખાતર જાનફેશાની કરવી એમાં પણ એક મજા છે.

લબો પર માલીકના નામ સાથે કબ્રમાં દફન થવું એમાં એ મજા છે.

૧૧૩

જગતારણ્યના એ ભીષણ અંધકારમાં, મોહ-માયાના એ પીશાચી તુફાનોમાં પણ એક ચૈતન્ય દીપક ઝગમગતો હતો.

ભૂલા પડેલા નાવિકની એ દીવાદાંડી સમો હતો. મેં એને આધારે પ્રવાસ શરૂ કર્યો છે અને કીનારે પહોંચવાની મને આશા છે.

૧૧૪

હું તને ત્યાં કબ્રસ્તાનમાં મળ્યો હતો જ્યાં જમીનમાં મડદાં નીરાંતે સૂતેલાં હતાં.

તારા ઉષ્ણ નિશ્વાસ વડે જગત ઉંઘમાંથી ખળભળી ઉઠયું અને વિદાય થતી વખતે તેં કરેલા ચુંબનથી આસ્માન યુગો સુધી ગુંજતું હતું.

૧૧૫

મેં તે મારી નરી આંખે દીઠું હતું. તે જુવાન કવિ પહાડના એકાંત અને હીમમય શીખર ઉપર પડેલો હતો.

તેના પાગ પાસે સૂર્યના કીરણ જેવાં અંગવાળી એક બાલીકા બેઠી હતી અને મરણની ચીરનિદ્રામાં બીડાતાં તે કવીનાં નૈનાં ચૂમતી હતી.

મેં કહ્યું "તમારૂં શું નામ છે? તેણે કહ્યું "મારૂં નામ કલા."

"જગતમાં મેં તમારૂં રૂપ આવું કદીયે દીઠું નથી" મેં કહ્યું.

"જગતમાં? છી! ત્યાં તો કલા નથી. લક્ષ્મી અને અનીતિએ પસંદ કરેલી દાસી માત્ર કલાનું નામ ધારણ કરી જગતમાં રહેલી છે.

મારા આશકો મને પહાડમાં અને જંગલમાં શોધે છે." તેણે કહ્યું.

૧૧૬

ફકીરો પાસે સુવર્ણ અને રત્ન નથી હોતાં.

તેની કાળી કામળમાં ખાખ સિવાય કશું જ શોભતું નથી.

માટે જો તારી મારા ઉપર કૃપા હોય તો માલીક મુઠીભર ખાખ દઈ દે.

૧૧૭

મારા દીલમાંથી મેં જગતના સર્વ ખ્યાલ કાઢી નાખ્યા છે.

પણ હજુ તેં મારા હૃદયનું સ્થાન લીધું નથી.

એટલે એમાં જુદાઈની આગ અને દર્દના ધુમાડા સિવાય બીજું કશું દેખાતું નથી.

૧૧૮

હું સાંભળું છું.

જગતમાં સર્વત્ર તે મહાન પ્રભુનું ગાન સંભળાય છે,

પણ તે સમજવાને પ્રભુના આશીર્વાદ આપણા ઉપર ઉતરવા જોઈએ.

૧૧૯

પ્રભુ !

તેં આભારથી મને એટલો બધો દાબી દીધો છે કે તારો આભાર શી રીતે માનવો તે મને સમજાતું નથી.

૧૨૦

માલીક !

હું તને આજે એક વાત સાફ સાફ કહી દેવા માગું છું.

તેં મને જીવન આપ્યું છે, તેની ના નથી, આ પ્રકાશ અને આ પવન, આ લીલાં હરિઆળાં ખેતરો અને પરીસૂરત પ્યારી એ સૌ તારાં આપેલાં છે, તેની ના નથી.

પણ જો મારે હરવખતે તારાથી ડરવાનું જ હોય તો તે બધુંએ તું પાછું લે. મારે ન જોઈએ.

મેં તારી પાસે કશું માગ્યું ન હતું, અને તું બધું પાછું લઇશ તેની મને જરીક પણ દરકાર નથી.

માલીક ગુલામને આપે એમ મારે કશું જોઇતું ન હતું !

નહિ તો, તારી કૃપા તારા ગુલામોને મુબારક હો !

આમીન.

૧૨૧

લોકો મને મૂર્ખ કહે છે.

કારણ કે હું તારી સાથે દોસ્તીનો દાવો કરૂં છું.

પણ તારા ગુલામો શું બકે છે તેની મને શી પરવા હોય ? જ્યારે તેં જ દોસ્તીનો દાવો કાયમ રાખ્યો છે.

હું એ કદી વીસરી શકું એમ નથી કે તારી દોસ્તીમાં જે સુખ છે તે તારી ગુલામીમાં નથી.

૧૨૨

મારા રૂદનથી તારાં ચરણ ધોઈ, તેનું આચમન કરી મારા આત્માને પવિત્ર કરવા હું તારી પાસે આવ્યો છું.

૧૨૩

રાત્રિના ગાઢા અંધકારમાં, ઉન્હાળાના પ્રખર તાપમાં અને ઉષાના આછા અજવાળામાં હું તારૂં અનાહત ગાન સાંભળું છું.

૧૨૪

હું જાણું છું.

હું જાણું છું કે નિષ્ફળતા અને નિરાશા વગર મારા નસીબમાં કંઇ જ નથી, છતાં હું તારી પાછળ ભમું છું.

ભવિષ્યવેત્તાની માફક મારૂં ભવિષ્ય મને સ્પષ્ટ દેખાય છે, છતાં હું તારી પાછળ ભમું છું.

તારી પાછળ ભમનારના, સફેદ અને સૂર્યના પ્રકાશમાં ચળકતાં હાડપીંજર મારા પગમાં અથડાય છે, છતાં હું તારી પાછળ રખડું છું.

કબ્રમાંથી ફરહાદ અને મજનું પોકારી પોકારીને ના કહે છે, છતાં હું તારી પાછળ ભટકું છું. ભટકું છું કારણ કે મારા તકદીરમાં એ જ લખાયું છે.

૧૨૫

હું રાત્રિના અંધકારમાં ભટકતો હતો.

લોકોએ મને પૂછયું કે તારૂં શું ખોવાઈ ગયું છે. હું લજ્જાથી નીચું જોઈ રહ્યો.

હું તેમને કહી શકતો ન હતો કે મારો ચંદ્ર ખોવાઈ ગયો છે.

૧૨૬

વૃદ્ધ, મસ્ત શરાબીને મુખેથી મેં તારે વિષે સાંભળ્યું હતું.

આજે તારાં દર્શન કરી હું ભાગ્યશાળી થયો છું.

૧૨૭

આસ્માનના સર્વ સિતારા સાથે મૂકો અને તેનો જેટલો પ્રકાશ થાય, તેટલો પ્રકાશ પ્યારીના એક કટાક્ષમાંથી નીકળે છે.

૧૨૮

ઈસુ હમારી મીજલસનો એક દિવાનો મહેમાન હતો. માલીકનો તે સાચો આશક હતો.

તેણે હમને કહ્યું કે " આપણી ઇચ્છા પ્રમાણે નહિ પણ માલીકની ઇચ્છા પ્રમાણે થવા દો."

મને લાગ્યું કે આશકને વાસ્તે એ એક જ રસ્તો ખુલ્લો છે.

૧૨૯

આમદાદના નૂરને ઝાંખું પાડે એવું, માલીકના હોઠ પરનું સ્મિત જુવો તો તમે ખૂની વૈભવોને લાત મારો.

૧૩૦

સૂરજ આથમી ગયો છે.

ચોકીદારો રાત્રે તાપવાને વાસ્તે તાપણી સળગાવે છે, ધીમે ધીમે જગતના પડદા ઉપર ચિતારો કાળપ પાથરી તેમાં પતંગીઆં જેવા તારકોના ચિત્ર ચિતરે છે, અને મારે હવે જવું જોઇએ.

મોડું ન થાય તે પહેલાં મારે ઘાટ ઉપર પહોંચવું જોઇએ.

મિત્રોનો પ્રેમ અને સ્વજનનો સ્નેહ સુલાયમ હોવા છતાં લોહથી પણ વજ્ર છે.

માટે મારે મોડું ન થાય તે પહેલાં ઘાટ ઉપર પહોંચવું જોઇએ અને મારી નાવનું સુકાન હાથ લેવું જોઇએ.

ગંગાની આવતો લહેરો મને બોલાવી રહી છે.

૧૩૧

હું તને સૌથી વધારે ચાહું છું.

કારણ કે મારી સિતાર અને મારી કવિતા તું જ સમજી શકે છે.

એ ચહાવામાં જો પાપ હોય, તો એ પાપ મારે મંજૂર છે. પણ હું જાણું છું કે એ પાપ નથી.

દુનીયાએ પોતાની સગવડતા ખાતર રચેલા કાયદાઓનો ભંગ, એ હરવખતે પાપ જ ગણાય એમ નથી.

ઘણી વાર તો તે પુણ્ય જ હોય છે.

૧૩૨

બાળક નદીને કીનારે રેતીનું ઘર બનાવતું હતું.

દૂર ઝુંપડીમાંથી કોઈએ તેને બૂમ મારી. તેણે ઝુંપડી સામું જોયું અને સ્મિત કરી પાછું પોતાનું ઘર બનાવા માંડયું.

મને એ દિવસ યાદ આવે છે જ્યારે હું રેતીનું ઘર બનાવતો હતો.

૧૩૩

જ્યારે હું નદીને કીનારે, ભેખડ ઉપર આવેલા વૃક્ષની છાંયે બેસું છું અને ઝાડીઓમાંથી આવતો

પંખીઓનો કલરવ, સારસની ચીસ, નદીનો ખળખળ થતો અવાજ વગેરે સાંભળું છું ત્યારે સ્વર્ગમાં ઇંદ્રાસન પર બેઠેલા ઇંદ્રની હું અદેખાઈ કરતો નથી.

૧૩૪

આકાશમાં સ્વચ્છંદે વિહરતા વાદળીના ટુકડા જેવી તારી યાદી હમેશાં મધુર હોય છે.

૧૩૫

સનમ !

હું તારાં આંસુ ચૂમીશ.

દિવાના કવિઓ તારી પાસે આવે છે, તારો સૌન્દર્યનો બુરખો જુવે છે અને કવિતા કરે છે.

પણ મેં એ બુરખો ખોલીને તારી લીંબુની ફાડ જેવી આંખોમાંથી મોતીની સેર જેવી સરતી અશ્રુધારા જોઈ છે.

હવે હું કવિતા નહિ કરૂં. ફક્ત તારી સાથે રૂદન કરીશ.

૧૩૬

લોકોએ રાતી આંખ કરીને મને કહ્યું કેઃ–'તેં પાપ કર્યું છે.'

ખરેખર કહું છું કે હું આ સમજી ન શકયો. કારણ કે જે જગત તેં પેદા કર્યું છે તેમાં પાપ શી રીતે પેદા થાય ?

અને ખરે જ જો તેં પાપ પેદા કર્યું તો, જેટલું મને પુણ્ય પ્રિય છે તેટલું જ પાપ પણ પ્રિય છે. બન્નેનો પેદા કરનાર તું જ છે.

પણ મેં લોકોને આ વાત કહી નહિ કારણ કે તેઓ સમજે એમ ન હતું.

આથી તેમની સજા સહન કરવાને, જબાન ઉપર તારૂં નામ લઈ, જગત આગળ હું મારૂં મસ્તક નમાવું છું.

હું જાણું છું કે એમાં તેમની કસુર નથી.

૧૩૭

મારી મેના !

શું કરવાને તેં તારા સુંદર મુખ પર ઘુંઘટ નાંખી દીધો છે? અને તારાં પ્રકાશીત નૈનાં ને રૂપેરી ઘુંઘટમાં શા માટે છુપાવી દીધાં છે?

૧૩૮

કોણ જાણે શાથી પેલું ગવાતું મૃદુ ગીત બંધ થયું, આ વખતે વસંત પણ ન આવી અને ઝરણાંએ પોતાનો કલરવ બંધ કરી દીધો.

કોને પ્રાપ્ત કરીને જગત આમ સ્તબ્ધ થઈ ગયું ? અથવા કોની જુદાઇમાં તે જડ બની ગયું ?

૧૩૯

મને તે બરોબર યાદ છે. વીજળી જેવી તેની ચળકતી આંખો વાદળીઓના ઘુંઘટમાં છુપાઇ હતી. તેની મદોન્મત લથડતી ચાલ ઉપર સારી દુનીઆ કુરબાન હતી.

મારી સારી બાદશાહી મેં એના ઉપર ઓવારી નાંખી હતી અને મારો રાજમુગટ મેં એના ચરણમાં રગદોળ્યો હતો.

તે પરમ સુંદર હતી તેની મને બરાબર યાદ છે.

૧૪૦

પાનખર ઋતુમાં ખરી પડેલાં પાંદડાં સડક ઉપર આમ તેમ ઉડે છે.

હે પથિક શું તારી આશાઓ આમ છિન્નભિન્ન થઈ ગઈ છે ? તારો ચ્હેરો શાથી ઉદાસ છે ?

શું દૂરથી આવતી પવનની મંદ શીતળ લહરી તને આનંદ નથી આપતી ? કે આ શાંત નિરવ સંગીત તું સાંભળતો નથી ?

આહ ! અતિ દુઃખથી સુખ ભોગવવાની તારી શકિત બ્હેર મારી ગઇ છે.

૧૪૧

ઉન્હાળાના ખરા મધ્યાને વરસતી ગરમીમાં હું એકલો જ આ નિર્જન પથ પર તારી સુન્દર કુટિર તરફ આવું છું.

ગામની ડોશીઓ રેંટિયો બંધ કરી ઘડીક આરામ કરે છે. ખેડુતો પણ કોસ છોડીને રોટલા ખાવા બેઠા છે.

બાળકને હીંદોળતી હીંદોળતી પેલી ખેડુતની સ્ત્રી પણ જરીક આંખ મીંચી લે છે, પરબવાળી ડોસી પાણીની ગોળી આગળ થડને અઢેલી નિરાંતે ઉંઘે છે અને કુતરૂં ગોળી ચાટે છે તેની તેને ખબર નથી, એ વખતે હું તારી પાસે આવું છું.

આમ્રતરૂની પેલી કામોન્મત્ત સખી કોકિલા "કોણ? કોણ?" એમ પોકાર કરે છે પણ તેને જવાબ દીધા વગર હું તારી પાસે ચુપચાપ ચાલ્યો આવું છું.

૧૪૨

સમુદ્રનાં ભયંકર મોજાં આસમાનને ચૂમવાને ઉછાળા મારે છે, દરેકે દરેક ખલાસીએ પોતાની નૌકા

બરાબર લાંગરી છે અને પુરાણા કિલ્લાની દિવાલ આગળ બેસી તાપણી કરી તેઓ પોતાનાં ભીંજાયેલાં કપડાં સુકવે છે.

આ તોફાનમાં, વરસાદના વાદળાંથી આસમાન સીહા થઈ ગયું છે તે વખતે તારૂં નામ લઈને હું મારી નૌકા છોડું છું.

કારણ કે તું મને આ તોફાનમાં અને આ અંધકારમાં બોલાવે છે.

૧૪૩

મને ખબર ન હતી કે આ સમારંભ કોને વાસ્તે છે.

આમ્રવૃક્ષે કોને વાસ્તે મંજરીના તોરણ બાંધ્યાં છે અને આસ્માને કોને માટે સોનેરી ચંદરવો લટકાવ્યો છે.

પણ એટલામાં મેં તારો હસવાનો સ્વર સાંભળ્યો અને જાણ્યું કે એ સઘળું તારે વાસ્તે છે.

મેં જાણ્યું કે મારા દેવ—મારા પ્રાણ પધારે છે.

૧૪૪..

હે નાથ !

તારા જગતમાં સઘળું સુંદર છે પણ કોણ જાણે શાથી મને ગમતું નથી.

જાણે અપ્સરાઓ કેદખાનામાં રૂદન કરતી હોય એવું મને લાગે છે.

૧૪૫

હા, હું માળી છું.

ફુલોને ચૂંટતાં મારો હાથ કંપે છે.

પણ તે કહે છે કે: "ભલા માળી! હમારે કરમાવું સરજાયું છે, તો ભલે બીજાને સુખ આપવામાં જ હમારું મૃત્યુ થાય."

અફસોસ! તેમની વાત સત્ય છે, ઉદાર ફુલો કરમાય છે, માનવીઓ હારતોરા પહેરી રાજી થાય છે.

૧૪૬

તે રૂપનો દરીઆવ હતી.

કાળા વાદળાંમાંથી સરી જતી આકાશગંગા જેવી તેની સેંથી કાળા કેશકલાપમાં દેખાતી હતી અને રૂપના સરોવર જેવા તેના મુખચંદ્રમાં મળી જતી.

મુગ્ધ ઉષાના શરમની લાલી જેવા દેખાતા બે હોઠ પરવાળાના બેટ જેવા લાગતા.

આ રૂપના સરવર જેવો તેનો મુખચંદ્ર રૂપોદધિનો એક ભાગ ન હોય એમ લાગતું.

તે રૂપનો દરીઆવ હતી.

૧૪૭

મારી યાત્રા પુરી થાય છે.

પૂર્વ અને પશ્ચિમથી ધસી આવતા બે સમુદ્રો મિત્રતામાં જ્યાં હાથ મીલાવે છે ત્યાં મેં મારી કુટિર બાંધી છે.

મારે જે કરવાનું હતું તે મેં કર્યુ છે, હવે તો હું એની રાહ જોઉં છું કે જે આ બંને સમુદ્રની પાર મને લઇ જાય.

બાકી મારી યાત્રા તો અહીં જ પૂરી થાય છે.

૧૪૮

જગતની સર્વ આશાઓ મેં પાણીના પરપોટા જેવી દીઠી છે.

આ મુલકના સર્વ ફુલોને મેં કરમાતાં જોયાં છે. અહીંનો સૂરજ નિત ઉગે છે અને નિત આથમે છે.

મેં તારી સાથે પ્યાર કર્યો છે; કારણકે તું અનંતયોવના છે.

૧૪૯..

તે ગાન આસ્માનથી આવતું હતું. તેનાં મોજાં સૂર્ય જેવાં પ્રકાશિત હતાં અને સારી આલમને તે પ્રકાશથી ભરી દેતાં હતાં.

સૌ પાપીને પવિત્ર કરતું તે ગાન નિરંતર વહેતું હતું, અનંતમાંથી આવી અનંતમાં સમાતું હતું.

૧૫૦

તેણે મને પૂછયું "મારી કબર કયાં બનાવશો ?" મેં કહ્યું " તારી ઇચ્છા હશે ત્યાં."

"જ્યાં કદીએ માનવીનો સંચાર ન થયો હોય ત્યાં બનાવજો." તેણે કહ્યું.

મેં પૂછયું "તારી કબર મારા હૃદયમાં બનાવું તો ?"

આ સાંભળી તેની જાદુભરી લુચ્ચી આંખોમાં પાણી આવ્યાં.

૧૫૧

પૃથ્વીની ઝાકળરૂપી મોતીથી ગુંથેલી કંચુકી સૂર્ય ખોલતો હતો અને તેથી ઉષા રૂપી લાલી તેના કપોલ પર આવી હતી.

૧૫૨

જુગારી !

બાજીમાં બધું ગુમાવીને ઉદ્દાર થતાં તારે શીખવું હતું, નિરાશાનો અંધકાર અને અશ્રદ્ધાનું રણ તારે જોવું હતું, ફનાની મજા ચાખવાની તને ભારે ઇચ્છા હતી.

હવે આ ગભરામણ શાને માટે? જેને આમંત્રણ આપ્યું હતું તેનો હસતે મુખે સત્કાર કરી લે.

આંખનાં આંસુ આંખમાં જ છુપાવજે. દિલની હાયને દિલમાં જ ગુંગળાવી દેજે. ભાઈ! જીવતાં છતાં મરીને તું અમર થજે.

૧૫૩

હું જાણું છું.

અંધકાર અને પ્રકાશ કંઇ જ નથી. જે બેતમન્નાથી હું પ્રકાશમાં જીવું છું તે જ રીતે હું અંધકારમાં પણ જીવીશ.

હું જાણું છું.

જહન્નમ અને જન્નત કંઈ જ નથી. જે બેપરવાઈથી હું જહન્નમમાં જીવું છું તેવી જ બેપરવાથી હું જન્નતમાં પણ જીવીશ.

૧૫૪

આવી નિર્જન રાત્રિમાં અંધકારની બીન પર કોણ હાથ ફેરવે છે? શ્યામ રાત્રિમાં કોને સંગીતનું મન થયું છે? કોના ગીતથી તારકોની આંખમાં ઘેન ચઢયું છે?

કોની મહેફિલમાં જીવન અને જોબનની ખેરાત થઇ રહી છે?

૧૫૫

મને તારી બેદરકારી ગમે છે. તારી શ્વેત છાતી પરની બટન વગરની કફની જ્યારે હવામાં આમ તેમ ઉડે છે અને તારૂં થડકતું જીગર મારી નજરે પડે છે ત્યારે મને એમ લાગે છે કે જગતમાં એના જેવું નિર્મળ બીજું કશું યે નથી.

૧૫૬

અહો! કંઈક યુગોથી પ્રકાશ અને અંધકાર વચ્ચે યુદ્ધ ચાલ્યું હતું.

જ્યારે પ્રકાશનો સેનાપતિ સુરજ આવતો ત્યારે અંધકાર સમુદ્રને તળીએ, કે પ્હાડની એવી ગુફાઓમાં છુપાઇ જતો કે જ્યાં સુરજનાં અણીવાળાં બાણ પહોંચતાં નહિ.

પણ જ્યારે મદોન્મત્ત શ્યામ નિશા પોતાની અંધકારની પતાકા ફરકાવતી ત્યારે પ્રકાશ તારાઓમાં લપાઈ જતો જ્યાં રાત્રિની વિજયપતાકા ઉડતી નહિ.

અનંતકાળના યુદ્ધ પછી પણ કોઈ જીત્યું નહિ કે હાર્યું નહિ.

હું તેમનું યુદ્ધ જોતો હતો. તેમનું વેર અનંત હતું.

પણ પછી હું ન્યાયાધીશ થયો અને પ્રકાશ તેમજ અંધકારને મેં આમંત્રણ કર્યું, હૃદયમાં બંનેને સ્થાન આપ્યું, જ્યાં તેમને માટે યુદ્ધ નથી પણ આરામ છે.

હું સર્વને આમંત્રણ કરું છું. પ્રભાત કે સંધ્યા, દોસ્ત કે દુશ્મન, શરાબ કે ઝહેર, જુદાઈ કે મિલાપ, મોત કે જીવન હું સર્વને આમંત્રણ કરું છું.

૧૫૭

અય બેવકુફો !

જો જગત મિથ્યા છે તો તમે સાચા કયાંથી થયા ? અને જ્યારે તમારી જ હયાતી માટે સંશય છે તો તમારાં લખેલાં શાસ્ત્રો અને પુરાણોમાં સત્ય કયાંથી મળશે ?

માટે મિત્રો !

જગત સત્ય છે. તમે, હું અને સૌ સત્ય છે. પ્રેમ આ સત્યનો આત્મા છે. જ્યારે જગતમાં પ્રેમ નહિ હોય ત્યારે હું, તમે કે બીજું કંઈ પણ નહિ હોય.

૧૫૮

અરે જુલમગારો !

શું જીંદગીનો બોજો પૂરતો નથી કે તે પર વળી પાપ અને પુણ્યનો ભાર તમે લાદો છો ?

શું રાત્રિનો અંધકાર પૂરતો નથી કે આંખે પાટા આંધો છો ?

૧૫૯

અરે ઇલ્મી !

તું ઇલ્મી થઈને ભૂલ ક્યાં કરે છે ? આજને છોડી કાલને શીદ પકડવા જાય છે ?

જો તું આજની કાળજી લઇશ તો કાલની કાળજી પ્રભુને માથે છે.

૧૬૦

અમે સમુદ્રને કિનારે વસતા હતા.

અમે દૂર દૂરથી આવતા મુસાફરો પાસેથી રંગ-બેરંગી ચળકતા પત્થરો એકઠા કર્યા હતા તે અમારો ખજાનો હતો અને અમને તેનું અભિમાન હતું.

પણ એક દિવસ ન જાણે કયાંથી એક અજ્ઞાત બાળક આવ્યો અને અમે તે બાળકને અમારો ખજાનો ગર્વથી બતાવ્યો. તે હસ્યો અને તેણે પોતાના ખોળામાં નાસુરભિવાળાં પ્રકાશિત પુષ્પો બતાવ્યાં.

હમે બધો ખજાનો સમુદ્રમાં પધરાવી દીધો અને એક પુષ્પ મેળવવાને હમારૂં જીવન તેના ચરણ આગળ પાથર્યું.

૧૬૧

મિત્ર !

આ લોકો કહે છે કે ગુલાબી ગાલોને ચૂમવા તેમાં પાપ છે.

પણ પૂણ્યાત્માઓને વાસ્તે તેમણે જે સ્વર્ગની રચના કરી છે ત્યાં **મેનકા** અને **રંભા** વગર તેમને ચાલ્યું નથી.

૧૬૨

શી પરવા છે ?

ભલાબુરાની સજા ખુદાના હાથમાં છે. પણ રડવા હસવાનું મારા હાથમાં છે.

૧૬૩

જેનાથી તું ત્હારા હાથ ધુએ છે એને રખે ગંગાજળ માનતી. એતો મારૂં ખૂન છે.

તું જે ગાન સાંભળે છે તે વેદમંત્રો નથી પણ દુઃખથી, જુદાઈથી ચીરાઈ જતા હૃદયની એક અનંત મુંગી ચીસ છે.

અને જેને તું ગભરાઈને ફેંકી દે છે તે અંગારો નથી; તારા વિરહમાં, તારી જુદાઈની આગમાં ધીકી રહેલું તે મારૂં અંતર છે.

૧૬૪

પૃથ્વીને જો તમે સ્વર્ગ ન બતાવી શકો તો તમને સ્વર્ગમાં જવાનો હક નથી.

૧૬૫

જેનો આત્મા સમર્થ છે તે પાપના ભૂતથી કદી બ્હીતો નથી, પુણ્યના દેવની તે કદી ખુશામદ કરતો નથી.

૧૬૬

શીખીશ ?

વિચાર કરી જો, એક વાર નહિ, સો વાર નહિ, લાખલાખ વાર વિચાર કરીજો.

બેવફા !

તારે પ્યાર કરતાં શીખવું છે? દીલને ન્યોછાવર કરતાં શીખવું છે? અરે! આસ્માન ધ્રુજી ઉઠશે, ધરા ધીકી જશે, પ્રાણ અને મન એક અનંત પ્યાસથી સળગી જશે.

આશકના દિલથી દિલ લાગેલું હશે, લબથી લબ મળેલા હશે, ગાલથી ગાલ દબાયા હશે છતાં યે પ્રાણ છટપટાતો હશે, બદનના રોમરોમે સહસ્ત્રભાનુ સળગતા હશે.

એના વિચાર માત્રથી મગજ બ્હાવરૂં બની જાય છે અને ખુન ફરતું અટકી જાય છે.

આવ, હું તને એ બધું યે શીખવાડીશ.

પણ લાખલાખ વાર વિચાર કરી જો.

૧૬૭

પહેલાં મારૂં હૃદય પત્થરનું હતું એટલે એમાં દુઃખનાં સરોવર ભરાતાં અને ઉભરાતાં.

હવે તે રેતના રણ જેવું છે. ઝરણુ ફુટે છે અને અને તરત જ વિલીન થઇ જાય છે.

૧૬૮

અરે મૂર્તિપૂજક!

જો તારી સામે ધડકતા જીગરવાળી અને સ્ફટિક જેવા બદનવાળી માશુક ઉભી છે.

હુંફાળા હૃદયને છોડી ઠંડા પત્થર અને કટાઈ જાય એવા પીત્તળમાં તને શું મળ્યું?

૧૬૯

અરે ભોળા મિત્ર!

લુચ્ચાઓની વાતોમાં તું ફસાઈશ નહિ.

જો પૃથ્વીમાં જ હરણીની આંખો જેવી વીશાળ આંખવાળી પ્યારી મળતી હોય, અથવા હિમગીરીની કોઇ એકાંત, નિર્જન ગુફામાં જઇ વસવાની તારી શકિત હોય તો સ્વર્ગમાં એથી વધારે કશું યે નથી.

૧૭૦

પળના પણ વિશ્રામ વગર મેં મારી નાવ ચલાવી હતી. નીલ પાણીથી ભરેલા તે સમુદ્રના મોજામાં મેં એક જ ગીત સાંભળ્યું હતું. હવે હું થાકયો છું અને મારૂં હલેસું સમુદ્રમાં ફેંકી દઉં છું.

મેં એટલા સમય સુધી નૌકા ખેડી છે કે હવે મને તે ગાન જ પ્રિય થઇ પડયું છે.

હવે મારે ગાનાર શોધવો નથી. સફેદ ફીણવાળાં મોજાં મારાં મિત્ર બનશે અને તેમની ગર્જના મારૂં હાસ્ય થશે.

૧૭૧

મારી જીંદગીનો એ સૌથી સુખી દિવસ હતો જ્યારે અપકીર્તિ સાથે મારાં લગ્ન થયાં અને અપમાને મારા સખાનું રૂપ લીધું.

રાજમહેલો અને નગરની જાહોજલાલી છોડી જે દિવસે મેં જંગલની રાહ પકડી ત્યારે તેમણે મારો સાથ કર્યો હતો.

જો મારી કબ્રમાં પણ અમને સાથે જ સ્થાન મળે તો હું મારી જાતને ભાગ્યવાન માનીશ.

૧૭૨

સ્ત્રીઓ અને ફુલની ખુબસુરતી પરપોટા જેવી હોય છે. તે ચૂમવાથી નથી મળતી.

તેમનો રંગ પરપોટા જેવો હોય છે. અડકવા જતાં જ તેનો નાશ થાય છે.

તેની મજા દૂરથી જ સારી છે.

૨૭૩

એક વખતે મેં પ્યારીને માટે ગીત બનાવ્યું. હતું જગતના લોકો તેથી આશ્ચર્ય પામ્યા અને તેમણે મને કીર્તિના સિંહાસન પર બેસાડયો.

પણ મેં કહ્યું કે મને એકાંતમાં મરવા દો. કારણ કે તેણે મારો ત્યાગ કર્યો છે. તેની પ્રીતિ વગર માત્ર તમારી કીર્તિ વડે હું જીવી ન શકું.

૧૭૪

શી કસુર છે ?

શા સારૂં તમે મારાથી રીસાયાં છો ? તમે મારી સાથે યુગયુગથી રીસાયાં છે.

ચાલ્યાં આવો સુંદરી.

મારા ખુનનું એકેએક બુન્દ તમને પોકારી રહ્યું છે. હું કોઈને કહીશ નહિ કે તમે આવ્યાં છો. હું પુસ્તકે નહિ લખું. તમારા અગમનની કવિતા પણ નહિ કરૂં.

માત્ર મારી ઝુંપડીનાં એઠોએઠો રાંકના રતનની પેઠે તમારૂં જતન કરીશ.

૧૭૫

વ્હાલી પ્રિયતમે !

હવે તારૂં ગાન બંધ કર. મારૂં ન્હાનું હૃદય ફાટુંફાટું થાય છે. તારા ગીતનો ભાર મારાથી ઝીલાતો નથી.

તારૂં ગાન મારાહૃદયને છિન્નભિન્ન કરીને વહી જાય તે પહેલાં તેને બંધ કર.

તે વર્તમાનનું વિષ બને ત્યાર પહેલાં તેને ભૂતની મીઠી યાદી રહેવા દે.

જો કિનારા છલકાય છે અને હવે ટીપુંએ સમાય એમ નથી.

૧૭૬

હે પ્રાણ !

આ અનંત વિશ્વમાં તારો મિત્ર તું જ છે, તારો દુશ્મન પણ તુંજ છે.

પર્વતમાળાની વજ્ર છાટોને છીન્નવિછીન્ન કરી નાંખે એવાં દુઃખોનો કર્તા અને ભોક્તા તું જ છે.

હે કસ્તુરીમૃગ !

તું ગીરી ગીરી ભટકવાનું ક્યારે છોડીશ ?

૧૭૭

હે ભિખ્ખુ !

આ પુષ્પો વડે આચ્છાદીત કરવામાં આવેલો પથ અને કેળના સ્થંભ પર પ્રકટાવેલી દીપાવલી તારે માટે નથી.

સત્કાર અને સન્માનમાં થતા આ શંખનાદ તારે માટે નથી, નગરની કુલવંધુઓના ઘુંઘટમાંથી ઝળકતાં અદ્દભર નૈન તારે માટે આતુર નથી.

વ્યર્થ ખોટી થા મા.

નગર બહાર દૂર ભયાનક નિર્જન વનમાં તારે માટે આગીઆના દીપ પ્રકટે છે, વાંસની ઝાડીમાંથી ફુંકાતો સમીર તારો સત્કાર કરે છે અને નિશાચર પશુંપંખીઓ પોતાના કઠોર ધ્વનિથી તારે માટે મંગળ ગીત ગાય છે.

હે પ્રિય ભિખ્ખુ !

જા ! ત્યાં તને તારૂં પ્રિય અને શ્રેય મળશે.